Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૪૩
તા.૦૯-૧૦-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ આસો વદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૫ સૂર્યાસ્ત : ૦૬:૨૧

તાપમાન: ડીસા ૩૯.૬ | અમદાવાદ ૩૮.૫ | ગાંધીનગર ૩૮.૦ | વડોદરા ૩૮.૦ | સુરત ૩૮.૪ | નલિયા ૩૯.૦

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૫૦૦

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# મોદીનો જવાબ : 'વિકાસ ગમે છે, દેખાય છે, જોઇએ છે'

### વર્ષો પહેલા જે ઉર્જા મળી હતી તે ઉર્જા ફરીથી મળી : મોદીનું સંબોધન : દેશ માટે પહેલાથી વધુ મહેનત કરશે : મોદી : ઇન્દ્રધનુષ મિશનને જનઆંદોલનમાં ફેરવી નાંખવાના પ્રયાસ થશે : ૧૦ વર્ષ પહેલા એવી સરકાર હતી જેને વિકાસથી નફરત હતી : કોંગ્રેસ ઉપર પ્રહારો







અમદાવાદ

ગુજરાતના બે દિવસના પ્રવાસે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બીજા દિવસે મહેસાણા જિલ્લા સ્થિત પોતાના માદરે વતન વડનગરમાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપી હતી. વડાપ્રધાન વડનગરમાં હેલીપેડ પર હવાઈદળના વિમાન મારફતે પહોંચ્યા હતા. વડનગરમાં જુદા જુદા કાર્યક્રમ ત્યારબાદ તેમના શરૂ થયા હતા. મોદીએ વડનગરમાં મેડિકલ કોલેજનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ વડનગરમાં મિશન ઈન્દ્રધનુષની શરૂઆત કરાવી હતી. આ ગાળા દરમિયાન મોદીએ વિશાળ જનસભાને પણ સંબોધી હતી જેમાં મોદીએ પોતાની વિકાસ કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે હાલમાં હાથ ધરવામાં આવી રહેલા વિકાસ કાર્યોના કારણે થનાર ફાયદાઓ અંગે પણ વાત કરી હતી. મોદીએ પોતાના ભાષણની શરૂઆત પૂર્વ સેના અધ્યક્ષ જનરલ પરિઅપ્પાને યાદ કરીને કરી હતી. તેમણે ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું હતું કે, વડનગરની પુરાતત્વીય વિરાસતને વિકસાવીને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવાશે. કેન્દ્ર સરકારે હેલ્થ પોલિસી બનાવીને આગળ વધવાની તૈયારી કરી છે. મિશન ઈન્દ્રધનુષ સઘન રસીકરણ યોજના દ્વારા દેશના તમામ બાળકો અને સગર્ભા માતાઓને આવરી લેવામાં આવશે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, દેશમાં ચાર લોકસભા બેઠક વિસ્તાર વચ્ચે અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### માના પ્રેમની કિંમત !

પરદેશમાં આઠ વરસના એક બાળકે એક લિસ્ટ બનાવ્યું. એક બે વાર બરાબર ધ્યાનથી એ ચકાસ્યું. પછી એ પોતાની મા પાસે રસોડામાં ગયો. મા સાંજનું ખાવાનું બનાવી રહી હતી. બાળકે કાંઈ પણ બોલ્યા વિના માના હાથમાં એ ચિઠ્ઠી પકડાવી દીધી. માતાને નવાઈ લાગી. બાળક તો ચિઠ્ઠી પકડાવીને બહાર જતો રહ્યો.

માએ એપ્રોનથી પોતાની હાથ સાફ કરીને ચિઠ્ઠી ખોલી. એમાં લખ્યું હતું:

બગીચાનું ઘાસ કાપવાનો ચાર્જ: ૫ ડોલર (આશરે ૩૦૦ રૂપિયા)

મારો રૂમ સાફ કરવાના: ૧ ડૉલર (આશરે ૬૦ રૂપિયા)

પ્રોવિઝન સ્ટોરમાંથી વસ્તુઓ લાવવાના: ૧.૫ ડૉલર (અર્ધો ડૉલર)

મારા નાના ભાઈને સાચવવાના: ૫ ડૉલર

સવારે ગેરેજ વાળીને કચરો નાખી આવવાના : ૧.૫ ડૉલર (દોઢ ડૉલર)

નિશાળે સારા માર્ક લાવવાનાં: ૭ ડૉલર

કુલ ૧૮ ડૉલર (આશરે: ૧૦૦૦ રૂપિયા): બાકી.

માતા ચિઠ્ઠી એટલે કે બિલ વાંચીને હસી પડી. બે ઘડી વિચાર કર્યો. પછી એણે એક કાગળ લીધો અને લખવાનું શરૂ કર્યું. એ વખતે પેલો છોકરો બહારથી આવી ગયો. મા શું લખે છે એ વાંચવા માટે એ માની પાછળ ઊભો રહી ગયો. માતાએ લખ્યું:

નવ મહિના તું જ્યારે મારા પેટમાં હતો: ત્યારે તારી કાળજી રાખી: કોઈ ચાર્જ નહીં!

રાતોની રાતો તારા ભીનાં કપડાં બદલ્યાં: કોઈ ચાર્જ નહીં!

તું માંદો હતો ત્યારે બધું ભૂલીને તારી સારવાર કરી, રાત દિવસ પ્રાર્થનાઓ કરી : કોઈ ચાર્જ નહીં!

તું ક્યારેક મને રડાવતો, ક્યારેક તું મોડો આવતો ત્યારે હું રડતી ક્યારેક તારા ખરાબ પરિણામ વખતે તો ક્યારેક તારી ઈજાઓ માટે મેં અગણિત આંસુ પાડ્યાં હશે. પણ એનો... ...

તું અજાણ્યા ભયથી ગભરાઈ જતો, પરીક્ષાઓ વખતે રાતે સૂઈ ન શકતો ત્યારે તને મારી બાથમાં લઈને આખી આખી રાત હું જાગી હઈશ. એનો પણ... ... : કોઈ ચાર્જ નહીં!

તારા કપડાં, રમકડાં, સાઈકલ, ચોપડા અને કંઈ કેટલીય જીદ પૂરી કરવા ખર્ચેલા સેંકડો રૂપિયા અને એટલા જ કલાકોનો... ... : કોઈ ચાર્જ નહીં!

તને નવડાવવાનો, ખવડાવવાનો અરે તારૂં નાક પણ લૂછવાનો... : કોઈ ચાર્જ નહીં!

દીકરા! આ બધાનો સરવાળો એ બીજું કાંઈ નથી પણ મારી તારા તરફની ફરજ અને તારા માટેનો પ્રેમ છે, કારણ કે હું તારી મા છું. તું કદાચ આજે નહીં અને મોટો થઈને ચૂકવવા માંગે તો પણ હું એનો ચાર્જ નહીં લઉં, કારણ કે સાચી વાત તો એ છે કે હું આ બધાનો કેટલો ચાર્જ થાય એ જાણતી જ નથી! ક્યારેય જાણવા માગતી પણ નથી! એ જ ... લિ. તારી મા!

માએ લખવાનું બંધ કર્યું. પાછળ ઊભો રહીને આ બધું વાંચી રહેલો દીકરો ઉંમરમાં નાનો હતો, તો પણ એની આંખમાં આંસુ આવી ગયાં. એણે દોડીને પોતાની ચિઠ્ઠી લઈ લીધી. પછી એના પર લખી નાખ્યું, 'ફુલ્લી પેઈડ' -સંપૂર્ણ ચૂકતે! મારી મા! તારા પ્રેમથી બધું ચૂકવાઈ ગયું!'

માએ દીકરાને બાથમાં લઈ લીધો!

ડૉ.આઈ.કે. વીજળીવાળા

## ગતકડું....

- દેવન વ્યાસ



આભની નહિં, મને તો આ વિધાનસભાની ચૂંટણીની ગરમી હોય તેવું લાગે છે...!!

### હવાઈ દળની સ્થાપના દિવસની ઉજવણી

## અમારી સેના કોઇપણ સમયે યૂદ્ધ માટે પૂર્ણ તૈયાર : ધનોવા

**ભારતીય હવાઈ દળ દુનિયામાં ચોથા સૌથી શક્તિશાળી દળ તરીકે છે : કેટલાક વિમાનો દ્વારા પરાક્રમો દર્શાવાયા**

નવીદિલ્હી

ભારતીય હવાઈ દળના સ્થાપના દિવસની આજે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હવાઈ દળના વિમાનો અને હેલિકોપ્ટરોએ દિલધડક પરાક્રમો યોજીને રોમાંચક વાતાવરણ સર્જી દીધું હતું. હવાઈદળના વડા એરચીફ માર્શલ બીએસ ધનોવાએ કહ્યું હતું કે, ભારતીય હવાઈ દળ ટુંકી નોટિસ ઉપર પણ યુદ્ધ લડવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. અમારી સેના સંપૂર્ણ સક્ષમ છે. કોઈપણ મુશ્કેલીનો સામનો કરવાની સ્થિતિમાં છે. હવાઈ દળના સ્થાપના દિવસના પ્રસંગે જવાનોને સંબોધતા ધનોવાએ કહ્યું હતું કે, હવાઈ દળ દેશની સામે રહેલા પડકારોને સફળતાપૂર્વક પાર પાડવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. બહુપક્ષીય વ્યૂહાત્મક ક્ષમતાઓ હાસલ કરી લેવામાં આવી છે. ભૂમિ સેના અને નૌકા સેનાની સાથે મળીને સંયુક્તરીતે કામ કરવા માટે પણ અમે તૈયાર છીએ. તેમણે ઉમેર્યું હતું કે, તમામ હવાઈ દળના જાંબાજો તરફથી તેઓ રાષ્ટ્રના લોકોને વિશ્વાસ અપાવવા માંગે છે કે, આસમાનમાં પણ દેશની સુરક્ષાને જાળવી રાખવા માટે અમારી સેના સંપૂર્ણપણે સજ્જ છે. ભારતીય હવાઈ દળ દુનિયામાં ચોથા સૌથી શક્તિશાળી હવાઈ દળ તરીકે રહ્યા છે. ધનોવાએ કહ્યું હતું કે, ગયા વર્ષે પઠાણકોટમાં હવાઈ દળના હેડક્વાર્ટર પર થયેલા ત્રાસવાદી હુમલાને ધ્યાનમાં લઈને કોઈપણ પડકારને પહોંચી વળવા માટે હવાઈ દળના સ્થળોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં અનુસંધાન પાના નં.૬

### ગુજરાતમાં ચૂંટણીને લઇને વાતચીતનો દોર શરૂ

## આજે કેન્દ્રીય ચૂંટણી પંચની ટુકડી અમદાવાદ આવશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની આગામી સામાન્ય ચૂંટણી માટેના કાર્યક્રમની હવે ટૂંક સમયમાં જ જાહેરાત કરવામાં આવનાર છે. ચૂંટણી તૈયારીની સમીક્ષા માટે ચૂંટણી પંચ બે દિવસની યાત્રાએ પહોંચી રહ્યું છે. મુખ્યમંત્રી ચૂંટણી કમિશનર એકે જોતિ, ચૂંટણી કમિશનર ઓપી રાવત અને ચૂંટણી કમિશનર સુનિલ અરોરાની સાથે સિનિયર નાયબ ચૂંટણી કમિશનર ઉમેશ સિંહા, નાયબ ચૂંટણી કમિશનર સંદિપ સક્સેના, નાયબ ચૂંટણી કમિશનર સુદિપ જૈન, અનુસંધાન પાના નં.૬

### ટ્રેનમાં કોઇ રિઝર્વેશન રહેશે નહીં : નરેન્દ્ર મોદી

## સુરતથી બિહાર વચ્ચે નવી એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી

### છેલ્લી ઘડીએ પણ ટ્રેન મારફતે યાત્રા કરી શકાશે : ગરીબ યાત્રીઓને લાભ થશે : ભરૂચ પર બેરેજની આધારશીલા

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાત યાત્રાના બીજા દિવસે જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત રહ્યા હતા. ભરુચમાં નર્મદા નદીના કિનારે બેરાજ બનાવવા માટેની આધારશીલા તેઓએ મુકી હતી. આ ઉપરાંત મોદીએ સુરતથી જયનગર (બિહાર) વચ્ચે અંત્યોદય એક્સપ્રેસને લીલીઝંડી આપી હતી. મોદીએ કહ્યું હતું કે, આ અંત્યોદય એક્સપ્રેસમાં કોઇ રિઝર્વેશન રહેશે નહીં. આનાથી ગરીબોને લાભ થશે.



છેલ્લી ઘડીએ પણ આ ટ્રેનથી લોકો યાત્રા કરી શકશે. મોદીએ ઉમેર્યું હતું કે, મુંબઈથી ગોરખપુર વચ્ચે પ્રથમ અંત્યોદય એક્સપ્રેસ શરૂ કરવામાં આવી હતી. જે લોકો નરેન્દ્ર મોદીના લોકસભા મતવિસ્તારમાં જવા ઈચ્છુક છે તે લોકો પણ સરળતાથી જઇ શકશે. હવે તેમને વારાણસી જવાનું સરળ થઇ જશે. તેઓ મહામના એક્સપ્રેસથી યાત્રા કરી શકે છે. લાંબા અંતરની ટ્રેનો ઉપર મોદીએ ભાર મુક્યો હતો. તેમણે કહ્યું હતું કે, અમે દિન દયાળ ઉપાધ્યાયના સપનાઓને સાકાર કરવાની દિશામાં આગળ વધવાની જરૂર છે. અહીં પણ મોદીએ કોંગ્રેસ સરકાર ઉપર પ્રહારો કરવાની તક જવા દીધી ન હતી. અનુસંધાન પાના નં.૬

## હિમાચલ પ્રદેશમાં અહેમદ પટેલે ગુજરાત વિશે જુઠાણાં ફેલવવાનું બંધ કરે : વિજય રૂપાણી

પ્રતિ. અંકલેશ્વર

ભરૂચ ખાતે ગતરોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભાડભૂત ખાતે બનનાર વિયર કમ કોઝ-વેનો શિલાન્યાસ કરવા માટે આવી પહોચ્યા હતા. જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોંગ્રેસ અગ્રણી અહેમદ પટેલને આડે હાથ લીધા હતા. ભરૂચ એ અહેમદ પટેલનું માદરે વતન છે.



મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના વક્તવ્યમાં ભાજપ વિકાસના સૂત્રને સાર્થક કરી રહ્યું છે. તે વિશે ઉદાહરણ સહિત સમજાવવા પ્રયાસો કર્યો હતો. તેમને વિરોધીઓને વિકાસની રાજનીતિ કરવા આહવાન કર્યું હતું. વિકાસ અમારા માટે મિજાજ છે. વિકાસથી ગરીબોના ઘરમાં શૌચાલયો બન્યા છે. નર્મદાના પાણી ઘરે ઘરે પહોંચ્યા છે.

તેમને કહ્યું હતું કે કોંગ્રેસ કાન ખોલીને સાંભળી લે, અહેમદ પટેલ હિમાચલ પ્રદેશમાં ચૂંટણી પ્રચારમાં જુઠાણા ફેલાવી રહ્યા છે. તેમને તે બંધ કરી દેવા જોઈએ. કોંગ્રેસ હિમાચલ પ્રદેશમાં પાંચ વર્ષમાં ૫૦,૦૦૦ લોકોને સરકારી નોકરી આપી. જ્યારે ગુજરાતમાં ભાજપ સરકારે ૧૦,૦૦૦ લોકોને સરકારી નોકરી નથી આપી. તેમને આને જુઠાણું કહેતા જણાવ્યું હતું કે ગુજરાતમાં અમે ૭૫,૦૦૦ લોકોને સરકારી નોકરી આપી છે. તેમાં એકલા પોલીસ ડીપાર્ટમેન્ટમાં જ ૧૮,૦૦૦ લોકોને નોકરી આપી છે. અનુસંધાન પાના નં.૬

## પાલનપુરના ગોઢ ગામમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

પાલનપુર



પાલનપુર પંથકમાં અપમૃત્યુના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. ત્યારે ગતરોજ પાલનપુર તાલુકાના ગોઢ ગામમાંથી એક અજાણ્યા ૩૦ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર તાલુકાના ગોઢ ગામની નદીના પટ માંથિવએક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ૩૦ વર્ષીય યુવકના મૃતદેહને ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે, પાલનપુર તાલુકા પોલીસે અજાણ્યા યુવકના મૃતદેહને પી.એમ. માટે મૂકી તેની ઓળખ વીધી માટેની તજવીજ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

જોકે, અજાણ્યા યુવકે ઝેરી દવા ગટગટાવી હોવાનું પ્રાથમિક અનુમાન થઇ રહ્યું છે. પરંતુ તેના શરીરના કેટલાક ભાગમાં ઈજાના પણ નિશાન હોવાના અહેવાલ મળ્યા છે. મૃતકના હાથ પર દિલમાં એસ.બી.નું લખાણ તથા "જય અંબે"સાથે ત્રિશુળનું છૂંદણું છૂંદાવેલ છે. ત્યારે મૃતકની હત્યા કે આત્મહત્યા તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

મા શક્તિ જ્યોતિષ (પાલનપુર)
૭૨ કલાકમાં તાબડતોબ નિકાલ, ધારેલી વ્યક્તિનું મિલન, પ્રેમીપંખીડા, મહામોહીની, વશીકરણ, છુટાછેડા, લવપ્રોબ્લેમ
ગઠામણ દરવાજા, પાલનપુર
મો.૯૭૨૬૪૭૧૨૯૦

### પી.એમ.ના કાર્યક્રમમાં

## પાલનપુર ડિવિઝનની ૧૦૦ બસ ફાળવાતા મુસાફરો ત્રાહીમામ

**છાત્રો સહિત મુસાફરો રઝળી પડતા તંત્ર સામે કચવાટ**

(સંજય જોષી)



પાલનપુર

ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી માદરે વતન વડનગર સહિત ગુજરાતના બે દિવસના પ્રવાસે આવ્યા હતા. જોકે, પી.એમ.ના પ્રવાસમાં પાલનપુર એસ.ટી. વિભાગની ૧૦૦ જેટલી એસ.ટી.બસ ફાળવી દેવાતા છાત્રો સહિત મુસાફરોને ભારે હેરાનગતિ ભોગવવાનો વારો આવ્યો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ-કૉંગ્રેસએ આયુધો સજાવવા માંડયા છે. કૉંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસને મળેલી સફળતાને પગલે ચિંતિત ભાજપની વ્હારે ચડતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. જોકે, પી.એમ.ના માદરે વતન વડનગર સહિતના બે દિવસીય કાર્યક્રમને સફળ બનાવવા માટે પાલનપુર એસ.ટી. વિભાગમાંથી પણ ૧૦૦ એસ.ટી. બસ ફાળવાઈ હતી. જેને પગલે અંદાજે ૨૦૦ થી ૨૫૦ એસ.ટી. ની ટ્રીપ કેન્સલ થતા છાત્રો સહિત મુસાફરો રઝળી પડ્યા હતા. તેઓને ફરજિયાતપણે ખાનગી અનુસંધાન પાના નં.૬

### આચારસંહિતાના ભંગ બદલ પગલાં લેવાશે

## વેકેશનમાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખનાર શાળા સામે કાર્યવાહી થશે

ડીસા

પ્રાથમિક શિક્ષણ નિયામક તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા જાહેર કરાયેલ દિવાળી વેકેશનની રજાઓમાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખનાર નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચસ્તર માધ્યમિક શાળાઓ સામે આચારસંહિતા ભંગ બદલની કાર્યવાહી કરવામાં આવશે. રજાના દિવસોમાં પણ શાળાનું શૈક્ષણિક કાર્ય ચાલુ રાખનાર શાળાઓ કાર્યવાહી થશે. ચાલુ વર્ષે ૧૬ થી ૫ નવેમ્બર સુધી દિવાળી વેકેશનની રજા જાહેર કરાઈ છે. આ દિવાળી વેકેશનનો શાળાઓએ અમલ કરવાનો રહેશે.

### ૨૧ દિવસ વેકેશન રાખવું ફરજિયાત

દિવાળી વેકેશનના ૨૧ દિવસના સમયગાળા દરમિયાન ભાવનગરમાં પ્રાથમિક કે માધ્યમિક જે કોઈ શાળા રજાનો અમલ નહિં કરે અને અભ્યાસ કાર્ય શરૂ રાખ્યાની ફરિયાદ ડી.ઈ.ઓ. કચેરીને મળશે તો તપાસ બાદ શાળા સામે કાર્યવાહી કરવામાં આવશે.

- એ.બી. પ્રજાપતિ, ડી.ઈ.ઓ

## જાહેર હરાજી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ગજનીપુર પ્રા. શાળા, તા.ડીસા, જિ.બ.કાં. મુકામે પતરાવાળા રૂમો, કુલ - ૪ (ચાર) ના કાટમાળની જાહેર હરાજી તા.૧૩/૧૧/૧૭ ને શુક્રવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે રાખેલ છે. હરાજીની શરતો બોલીઓ સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

અદ્યક્ષશ્રી, એસ.એમ.સી., ગજનીપુર — સભ્ય સચિવશ્રી ગજનીપુર પ્રા.શાળા

**સૂર્યોદય - ૬.૩૨ સૂર્યાસ્ત - ૬.૨૧**

## તિથિદર્શન

આસો વદ-૪ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો વદ :ચોથ સોમવાર નક્ષત્ર: કૃતીકા બપોરે ૨.૦૨ પછી રોહીણી યોગ :સિદ્ધિ કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**વિતં બંધુર્વય: કર્મ વિદ્યા ભવતિ પંચમી**
**એતાનિ માન્ય સ્થાનાનિ ગરીયો યદ્યુદુત્તરમ્**

'ધન, ભાઈ- ભાંડુ (કુટુંબીજનો) ઉંમર, કાર્ય અને વિદ્યા આ પાંચ સ્થાનોને માન- આદરને પાર ગણવામાં આવ્યાં છે અર્થાત્ જે વ્યક્તિ સમૃદ્ધ અને સંપત્તિવાન હોય, વિશાળ પરિવાર હોય, જે મોટી જઈફ ઉંમરના હોય, જેનાં કાર્યો ઉત્તમ પ્રકારના સેવાભાવથી છલકાતાં હોય અને જે વિદ્યાવાન હોય, એ માન - સન્માન અને આદરને પાત્ર છે.'

આ બધામાં પણ ક્રમસર માન- આદર મળે છે, ઉત્તરોત્તર વધે છે. જેમ કે, ધનવાન હોય તેને આદર તો મળે પણ ધનવાનની સાથે વિશાળ પરિવાર- કુટુંબ કબીલો ધરાવનારને વિશેષ આદર મળે છે.

આવા વડીલમાં પણ સેવાભાવ-દાનપુણ્ય અને સત્કાર્યો કરનારા હોય તો વળી આદરની માત્રા વધી જાય છે.

અને સત્કાર્યો કરતા વડીલ જો વિદ્યાવાન હોય તો વિદ્વત્તાને કારણે પૂજનીય અને સન્માનનીય બને છે.

આમ, ધનવાન, વિશાળ પરિવાર ધરાવનાર, વયસ્ક અને કર્મશીલ તથા વિદ્યાવાન આ ક્રમમાં વિદ્યાવાન સૌથી વધુ શ્રેષ્ઠ અને આદરણીય છે.

## જુનાડીસા હાઈસ્કુલનો તાલુકા કક્ષાના યુવા મહોત્સવમાં શાનદાર દેખાવ



જુનાડીસા

ગત તા. ૧૧/૦૯/૨૦૧૭ ને સોમવારના રોજ શેઠ શ્રી એલ.એચ. માળી આદર્શ હાઈસ્કુલ માલગઢ મુકામે ડીસા તાલુકાના ૪૯ માં યુવા મહોત્સવની ઉજવણી થઈ હતી. તેમાં ડી.જે. એન. મહેતા હાઈસ્કુલ જુનાડીસાના ૧૮ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં સર્જનાત્મક કારીગરીમાં મેવાડા પાયલ શાંતિલાલે દ્વિતિય નંબર પ્રાપ્ત કર્યો હતો. નિબંધ લેખનમાં ઘોરી આરઝૂ આસિફખાને દ્વિતિય નંબર પ્રાપ્ત કર્યો હતો. તબલા વાદનમાં રાવળ અર્જુન બાબુભાઈએ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. તો શીઘ્ર વકતૃત્વમાં શિક્ષક ત્રિવેદી જીગરભાઈ એ. તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો.

જે બદલ શાળાના આચાર્ય પી.વી.મહેતાએ ભાગ લીધેલ બાળકો અને શિક્ષક જીગરભાઈ ત્રિવેદીને શુભેચ્છાઓ પાઠવી હતી.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

બૌધ્ધધર્મના મહાન પ્રચારક સાધુ-પંડીત ધર્માનન્દ કોસામ્બીની જન્મજયંતિ છે.

એમનો જન્મ ગોવાના સાખવળ ગામમાં તા. ૯-૧૦-૧૮૭૬ ના રોજ થયો હોત.

તેમણે બૌધ્ધ ધર્મના પ્રચાર અને પ્રસારાર્થે ભગીરથ કાર્ય કર્યું દાંડીકૂચના સત્યાગ્રહમાં પણ તેમણે સક્રિય ભાગ લીધો હતો અને આ માટે તેમણે દોઢ વર્ષની સખત સજા પણ ભોગવી હતી.

તેમણે બૌધ્ધધર્મના આઠ પુસ્તકો લખ્યા છે. તા.૪-૬-૧૯૪૭ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ :** પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઇ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ :** મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

**મિથુન :** આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઇ શકય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઇ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક :** આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃદ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ :** આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા :** વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃદ્ધિ પણ થાય.

**તુલા :** સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક :** આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઇ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન :** આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર :** આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ :** આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન :** કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઇ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

કનકચંદ્ર સી. વ્યાસ

## માલગઢમાં શરદ પૂનમે ગરબા યોજાયા



દિપક સુંદેશા

પ્રતિનિધિ માલગઢ

આસો સુદ પૂનમ- શરદ પૂનમની રઢિયાળી રાતે માલગઢ (જોધપુરી યા ઢાણી) ના ભૈરવનગર વિસ્તારમાં માં અંબાની સન્મુખ ગરબાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાવન પ્રસંગે ૧૦૮ દિવડાની ભવ્યાતિભવ્ય આરતી વડે માં અંબાના ગુણગાન ગવાયા હતા. સૌ કોઈ માઈભક્તો- બહેનો મન મુકીને ગરબે ઘુમ્યા હતા. ગરબાની પૂર્ણાહુતિ વખતે સૌ કોઈ ગરબે રમનારને લ્હાણી અપાઈ હતી. શરદ પૂનમ નિમિત્તે દૂધ પૌઆનો પ્રસાદ વહેંચાયો હતો.

## થરાદના અંબિકાનગરમાં રાસગરબાની રમઝટ




વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરના અંબિકાનગર વિસ્તારમાં નગરપાલિકાના ઉપપ્રમુખ દિપક ઓઝા અને મંડળ દ્વારા નવરાત્રિના ભવ્ય આયોજન બાદ શરદપુર્ણિમાએ પણ રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૈલાયાઓએ મોડાસુધી રાસગરબાની રમઝટ મચાવી હતી. આ પ્રસંગે જે.જે.પટેલ હોસ્પીટલના સુપ્રિન્ટેડેન્ટ ડૉ.જે.જે. પટેલ, સુરેશભાઇ બારોટ, ઠાકરશીભાઇ પ્રજાપતિ, ડૉ જસ્મિત ત્રિવેદી સહીત બહોળી સંખ્યામાં સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## જયારે ઝી ટીવીએ રવિ દૂબે અને રિત્વિક ધનજાની માટે કામદેવની ભજવણી કરી



ગત ૨૫ વર્ષો દરમ્યાન ઝી ટીવી દર્શકો સમક્ષ કેટલીક એવી કહાણીઓ લઈને આવેલ છે જે ભારતીય મધ્યમ વર્ગની વિચારસરણી સાથે મેળ ખાઈ, તેઓની આશાઓ અને મહત્વાકાંક્ષાઓનો આયનો બનેલ છે. રિશ્તા મુબારક થીમ દ્વારા પોષવામાં આવેલ ઘણા બધાસબંધોની ઊજવણી કરતાં, ઝી રિશ્તે એવોર્ડસ એક સાથે એક્ટર્સ, પ્રોડયુસર્સ અને ક્રિએટિવ ટીમ્સને આવતાં જોશે જે તમારી સમક્ષ તમારા મનપસંદ શો લઈ આવે છે. આ સાંજના હોસ્ટસ રવિ દૂબે અને રિત્વિક ધનજાની ઝી ટીવીનોટીવીનો ખૂબ જ અનોખી રીતે આભાર માને છે જો કે... ચેનલે, ગમે તેમ, તેઓને તેઓના લાઈફ પાર્ટનર્સ એટલે કે અનુક્રમે સરગુન મહેતા દૂબે અને આશા નેગીને શોધી આપવામાં મદદ કરી છે.૨૦૧૩ માં વિવાહ કરનાર રવિ દૂબે અને સરગુન પહેલી વખત ૧૨/૨૪, કરોલ બાગના સેટ પર મળ્યાં હતાં જયારે રિત્વિક અને આશાનો પ્રેમ ઝી ટીવીના સૌથી લાંબા ચાલેલા અને ખૂબ જ પસંદ કરવામાં આવેલ ડ્રામા, પવિત્ર રિશ્તાના સેટસ પર પાંગર્યો હતો. ઝીના ખૂબ જ ચહેરતા ચહેરાઓ સાથે હળવી—ફુલ વાણીુતો દરમયાન ઝી રિશ્તે એવોર્ડસમાં ઘણી બધી આનંદ, ઝંખના અને હાસ્યનીક્ષણો હતી. સ્ટાર્સે કેટલાંક અદભુત પરફોર્મન્સ પણ આપ્યાં જેણે દર્શકોને વધુ માંગતા કરી મૂકયાં. ઝિંદગી કી મહેકની સમીક્ષા જયસ્વાલ(મહેક)એ જિયા જલે પર સનસનાટીપૂર્ણ બેલી ડાન્સ કરીને દર્શકો પાસેથી ચીચીયારીઓ પડાવી જયારે ભૂતુની સના શેખ (સાચી) અને કુંડલી ભાગ્યાની અંજુમ ફાખી(સૃષ્ટિ)એ ખૂબ જ કેચી નંબર તિવસ્ટ કમરીયા પર પોતાના સરસ ઝટકાં વડે દરેકને ચિત્ત કરી દીધાં. ઝી રિશ્તે એવોર્ડસ સાથે સંસ્મરણોની લેનમાં લઈ જશે, રવિવાર, ૧૫મી ઓક્ટોબર ૨૦૧૭ના રોજ સાંજે ૭.૦૦ કલાકે ફક્ત ઝી ટીવી પર

***<u>સૌથી વિશાળ ટ્રેડ શો 'ફેસ્ટીવેક્સ' અમદાવાદ યોજાયો</u>***

## ફેસ્ટીવેક્સનું આયોજન ૬ થી ૧૦ ઓક્ટોબર, ૨૦૧૭ દરમિયાન અમદાવાદમાં વિવિધ પ્રોડક્ટ કેટેગરીઝ પ્રદર્શિત કરી રહ્યો છે




અમદાવાદ

સૌથી વિશાળ ટ્રેડ શો 'ફેસ્ટીવેક્સ'નું અમદાવાદ ખાતે આયોજન ક્રમશઃ ૬ થી ૧૦ ઓક્ટોબર, ૨૦૧૭ યોજાયું . ૧ ૯ ૯ ૮ ર ા ી ફેસ્ટીવેક્સ એક્ઝિબિશન્સ કે જે પ્રોફેશનલી મેનેજડ સંસ્થા છે તે ટ્રેડ ફેર્સ, ટ્રેડ શો, થીમ એક્ઝિબિશન્સ નું આયોજન કરેલ છે. બ્રાન્ડ્સ જેમકે ફેસ્ટિવેક્સ, એગ્રોવિઝન, વેકેશન, જન્માષ્ટમી, ઉત્સવ મેળા, ફૂડ ફેસ્ટિવલ, ફૂડ કાર્નિવલ, બાલ ફિલ્મોત્સવ, અવસર, ગાંધીધામ ટ્રેડ એક્સ્પો, ગિફ્ટ શો, એજ્યુકેશન એક્સ્પો, ફોક્સ વગેરે અમારી ઉપલબ્ધિઓ જણાવે છે જે દેશના વિવિધ ભાગોમાં આયોજીત થાય છે અને ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીઝનું આયોજન કરે છે.મૂળ હેતુ આ એક્ઝિબિશન્સનો એ એછે કે આ અનોખા બાઈડિરેક્શનલ લોકો માટે જાગૃતિ ફેલાવી શકાય અને એ પણ બિઝનેસ માટે. ૩-ડી ફ્લોરિંગ પર આ એક્ઝિબિશન તમે પ્રથમ વાર જોઈ શકશો. આજના સમયમાં જયારે મોબાઈલ બહુ જરુરી વસ્તુ બન્યો છે.ત્યારે એના રેડિએશનથી બચવા માટે ચીપ હતી જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# તપશ્ચર્યા

કેતન અને કુમુદ બંને પતિ-પત્નિ, લગ્નના છેડા છોડી છોડવા કુળદેવીના મંદિરે વતનમાં જતાં હતાં ત્યાં રસ્તામાં અકસ્માત નડ્યો. એ ભયંકર અકસ્માતમાં બંને ના જીવ બચી તો ગયાં પરંતુ કેતન અડધા મુઆ જેવો થઈ ગયો તેનું ડાબું અંગ કામ કરતું બંધ થઈ ગયું. કુમુદના લગ્નજીવનના સપનાં ધૂળમાં રોળાઈ ગયા. કેતને કોમર્સમાં માસ્ટર ડીગ્રી મેળવેલી, ખુબ સારી જોબ હતી પરંતુ આ ઘટનાએ તેને બેકાર અને નિરસ બનાવી દીધો. એ હિંમત હારી ગયો. જીવન પ્રત્યે રસ-કસ ઉડી ગયો. એ આઘાતમાંથી બહાર આવતાં બંનેને સમય લાગ્યો પરંતુ કેતનમાં ઝાઝો ફેર ના પડ્યો. જયારે કુમુદ હિંમત હારી નહીં. પોતાના નવા જીવનની શરૂઆત એ જ ઉત્સાહથી કરી પુરા લગનથી એ પતિની સેવા કરતી. પોતાના સાસુ-સસરાને સાચવતી. ઘરનું ધ્યાન રાખતી કેતનને રોજ કસરત કરાવતી. એ આશા સાથે કે એક દિવસ કેતનને જરૂર સારૂ થઈ જશે. એણે કેતન માટે બે-ત્રણ ફેક્ટરીવાળાનો સંપર્ક કર્યો અને એમનું એકાઉન્ટ લખવાનું કામ શરૂ કરાવી દીધું. એ કેતનની પાસે બેસતી અને કેતનને લખવામાં મદદ કરતી. છ-સાત મહિના થઈ ગયા. ડોક્ટરે પણ કહ્યું કે હવે કેતનની સ્થિતિમાં આનાથી વધારે ફેર નહીં પડે. કુમુદના મમ્મી-પપ્પા ચિંતામાં મુકાઈ ગયાં. અને એક દિવસ એ કુમુદને લેવા માટે આવ્યા. કુમુદના સાસુ સસરાને એમણે બે હાથ જોડી વિનંતી કરતાં કહ્યું, મારી કુમુદને આ સંબંધમાંથી મુક્તિ આપો. કેતન સાથે જે કાંઈ બન્યુ એના માટે ખુબ દુઃખ થયું છે. કેતન માટે અમને પણ લાગણી છે. પ્રેમ છે પરંતુ આપણે લાચાર છીએ. ઈશ્વરની મરજી સામે આપણે કંઈ ન કરી શકીએ એમ નથી. પરંતુ કેતનની સાથે મારી કુમુદ પણ સજા ભોગવી રહી છે. અમે માતા-પિતા દિકરીની આ સ્થિતિ જોઈ શકતાં નથી. એના જીવનના બાગને મહેંકતો કરવો છે. તમે રજા આપો આ સંબંધમાંથી મુક્ત થાય તો અમે એના બીજાં લગ્ન કરવા માંગીએ છીએ. કેતનના મમ્મી પપ્પા કાંઈ બોલ્યા નહીં, માત્ર મસ્તક ઝુકાવી હકારમાં માથુ ધુણાવી 'હા' એટલે કે સ્વીકૃતિ આપી દીધી. કુમુદ ક્યારની ઉભી ઉભી સાંભળી રહી હતી. એ એના મમ્મી-પપ્પા પાસે આવી અને એમની નજીક બેઠી. એણે કહ્યું 'પપ્પા, હું તમારી મારા માટેની લાગણી અને પ્રેમને સમજું છું. માતા-પિતા તરીકે તમારું દિકરીનું ભલુ વિચારવું યોગ્ય છે. પરંતુ હુ હવે માત્ર તમારી દિકરી જ નથી. કેતનની પત્ની પણ છું. આ ઘરની પુત્રવધુ છુ. મારા લગ્ન કેતનના શરીર સાથે જ થયાં હતા ? એના માતા પિતા સાથે મારો કોઈ સંબંધ નથી.?' બોલતાં બોલતાં એ ઉભી થઈ અને કેતન પાસે ગઈ એની વ્હીલચરને ધક્કો મારી બધાની સામે લઈ આવી. પણ કેતન સાથે મારો આ જન્મ પૂરતો નહિં પરંતુ જન્મ જન્માંતરનો નાતો છે લગ્ન એક પવિત્ર સંસ્કાર છે. જેના દ્વારા બે શરીર નહીં પરંતુ બે આત્મા એકબીજાં સાથે જોડાય છે. કેતન મારી જરૂરીયાત નથી કે હું એની જરૂરીયાત નથી. શું સંસાર માત્ર શારીરિક જરૂરીયાતો પુરતો મર્યાદિત છે. લગ્ન બે પવિત્ર આત્માનું મિલન છે. બે પરિવારોનુ મિલન છે. જુદાં જુદાં સંસ્કારોનું મિલન છે. જેમાં પતિ-પત્નિ એક આગવી દુનિયા બનાવે છે. એક પતિ તરીકે એ એની તમામ ફરજ પૂર્ણ કરી શકે છે. અને કરી રહ્યો છે. એક ત્રુટી કે શારીરિક સંબંધ સૌના માટે શક્ય નથી. તો શું એ બાબત માટે હું એનો ત્યાગ કરું ? એને છુટા છેડા આપી બીજી વ્યક્તિ સાથે લગ્ન કરું ? ના પપ્પા, મને એ મંજુર નથી. હું કેતનને ખુબ ચાહું છુ. હું એવું નહી કરી શકું. મને અહીં કોઈ જ તકલીફ નથી. મારા સાસુ સસરા પણ મને દિકરીની જેમ સાચવે છે. કેતન મને ખુબ ચાહે છે. એક સ્ત્રીને સુખી સંસાર માટે જેટલું જોઈએ એ તમામ સુખ અહીં છે. માત્ર શારીરિક જરૂરિયાત માટે હું કેતનને નહિ છોડી શકું. અમારા બંને માટે એ ઈશ્વરનો યોગ સાબિત થશે. આજ પછી મહેરબાની કરી તમે આ વાત ના કરતાં પપ્પા, તમે મને સ્વાર્થી બનવાનાં સંસ્કાર ક્યારેય નથી આપ્યા. દિકરીના સુખની લાલચમાં આવું પાપ કરવાં તૈયાર ના થાઓ. તમે જ મને શીખવ્યું છે ને કે, હંમેશા ઈશ્વરને ગમે એવું કાર્ય કરવાનું.



**મનદર્પણ**
મંજુ પ્રજાપતિ

કુમુદની આંખો ભરાઈ આવી. એ બે હાથ જોડી એના પપ્પાના પગમાં પડી ગઈ. કુમુદના પપ્પા વ્હાલથી એને પોતાની પાસે બેસાડી, એના માથે હાથ ફેરવતાં બોલ્યા "બેટા, વિશ્વાસ છે મને મારી પરવરીશ પર. હું ખુશ છું તારી ભાવના લાગણી જોઈને. કેતન હવે ટુંક સમયમાં સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ ગયો." બધાના આનંદનો પાર ન રહ્યો. થોડાક જ સમયમાં ડોક્ટરની વાત સાચી પડી. કેતન બિલકુલ સ્વસ્થ થઈ ગયો. બંનેનું લગ્ન જીવન સુખરૂપ શરૂ થઈ ગયું. લગ્નજીવનની અધુરૂપ પુરી થઈ ગઈ. ઘરમાં આનંદ આનંદ છવાઈ ગયો. સમય ચાલતો ગયો. હવે ઘરમાં નવા મહેમાનની આવવાની રાહ જોવાવા લાગી કારણ કે માનવીમાં ભાગવાને એક ઈચ્છાશક્તિ મુકી ને એને બીજાં પ્રાણીઓથી વધારે અલગ બનાવી દીધો છે. એક ઈચ્છા પુરી થાય ના થાય ત્યાં બીજી ઈચ્છા જન્મ લઈ ચુકી હોય છે. માનવીની ઈચ્છાઓનો અંત જ નથી. કેતન અને એના માતા-પિતા વારસદાર પૌત્રને ઝંખતા હતા. ઘણી દવાઓ કરાવી, જુદાં જુદાં બધાંજ ટેસ્ટ કરાવ્યા પરંતુ કોઈ પ્રયત્ન સફળ ના રહ્યો. ચારથી પાંચ વર્ષનો સમયગાળો પસાર થઈ ગયો. છેવટે એક નિર્ણય આવી ગયો કે હવે ક્યારેય કુમુદમાં નહી બની શકે. આ આઘાત જીરવવો કુમુદ માટે અસહ્ય હતો. શરૂઆતમાં તો પરિવારે કુમુદને સાથ આપ્યો પરંતુ જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ ઘરનું વાતાવરણ પરિવર્તન પામવા માંડ્યું. જેને લગ્નજીવનના વીસ-વીસ વર્ષ સુધી અડીખમ રહી સાથ આપ્યો એ કેતન પણ બદલાઈ ચુક્યો હતો. કુમુદમાં હવે તેને કોઈ જ રસ રહ્યો નહોતો, એ પણ સતત બાળકને ઝંખતો હતો, કુમુદની તપસ્યા, કેતન માટેનો પ્રેમ અને અથાગ પ્રયત્નોના અહેસાન નીચે પરિવાર દબાયેલો હતો એટલે સીધી રીતે કુમુદને કંઈ પણ કહેવાની હિંમત નહોતી. એ લોકો આડકતરી રીતે કુમુદને હેરાન કરવા માંડ્યા. મહેણાં ટોણાં મારવા માંડ્યા. નાની-નાની બાબતે એની સાથે ઝઘડતા, મારઝુડ કરતાં, કુમદને સમજાઈ ચુક્યુ હતુ કે આ ઘરમાં હવે એની કટાયેલા ભંગાર જેવી સ્થિતિ હતી. એક દિવસ એણે જાતે જ કેતનથી છુટા પડવાનો નિર્ણય જાહેર કરી દીધો અને પોતાના માતા-પિતા અમેરિકામાં સ્થાઈ થઈ ચુક્યાં હતાં એમને જણાવી દીધું. એક તરફ છુટા છેડાના કાગળ તૈયાર થતાં હતાં ત્યાં બીજી તરફ કુમુદ એના ફોરેન વીઝા માટે તૈયારી કરવાં માંડી. છેવટે બંને છુટા પડ્યા. કુમુદ પિતા પાસે અમેરિકા ચાલી ગઈ અને આ તરફ કેતને ધામધુમથી બીજા લગ્ન કર્યાં.

કુમુદ એના પિતાને કહેતી કે "પપ્પા, મને આજે પણ મારા કોઈ નિર્ણયનો અફસોસ નથી. હું ખુશ છું મે મારો રોલ સંપૂર્ણ વફાદારીથી નિભાવ્યો છે એનો મને આનંદ છે કેતન માટે કે એના મમ્મી-પપ્પા માટે મને કોઈ પણ પ્રકારની ફરીયાદ નથી કારણ કે પોતાની અતૃપ્ત ઈચ્છાઓ આગળ એ મજબુર છે.મારા જીવનનો એક ભાગ પૂરો થયો હવે તમારી સેવા કરવાની છે. પત્ની તરીકેનું ઋણ અદા થઈ ચુક્યું હવે દિકરીનું ઋણ અદા કરવાનું છે. મને જોઈ દુઃખી ના થશો કારણ કે સંસારનો મોહ મને પહેલા પણ નહોતો અને આજે પણ નથી." કુમુદના પપ્પા એને વ્હાલથી ભેટી પડ્યાં.

ચાર વર્ષ પસાર થઈ ગયાં. કુમુદ પપ્પાની સાથે જોબ કરતી હતી બધું જ ભુલી ગઈ હતી. ત્યાં એક દિવસ એક પત્ર મળ્યો. કવર પર નામ જોયું ત્યાં એ ચોંકી ઉઠી. કારણ કે પત્ર કેતનનો હતો. જેમાં લખ્યુ હતુ કે, "કુમુદ...તને વ્હાલી કે પ્રિય એવું સંબોધન કરવાને લાયક નથી. પરંતુ તારી સાથે કરેલા અન્યાયનો બદલો મને અને મારા માતા-પિતાને મળી ચુક્યો છે. કારણ કે અમે તારી તપસ્યા, તારી અગ્નિકસોટીનું અપમાન કર્યું. તારા અસંખ્ય ઉપકારોને અમે ભુલી ગયાં. દુઃખના દિવસોમાં સહારો આપનારને સુખના દિવસો આવતાં હડધુત કરી કાઢી મુકી. હું અને મારા માતા-પિતા પ્રશ્ચાતાપની અગ્નિમાં બળી રહ્યાં છીએ. આ પત્ર લખવાનું કારણ એ જ કે તારા બળતાં હૈયાને ટાઢક મળે. તારો આત્મા સંતોષ પામે કે જેવો મારી સાથે અન્યાય કર્યો, ઈશ્વરે એને બરાબર પાઠ ભણાવ્યો. તારા હૃદયને આજે શાંતિ મળશે કે તે વીસ-વીસ વર્ષ સુધી જે તપશ્ચર્યા કરી એ તપશ્ચર્યા મારે અને મારા પરિવારે જીવનભર કરવાની છે. કુમુદ, તારાં ગયાં પછી મેં લગ્ન કર્યા અને નવા જીવનની શરૂઆત કરી. હું ખુશ હતો પરંતુ મારી ખુશી લાંબો સમય ન રહી. મારી પત્નીએ બે જોડીયા બાળકોને જન્મ આપ્યો પરંતુ મારા બંને બાળકો માનસિક અને શારિરીક રીતે અસ્થિર છે. ના સાંભળવાની શક્તિ છે કે ના બોલી શકવાની, પોતાના પગ પર ઉભા પણ રહી શકશે નહી. મેં અને મારા પરિવારે કરેલા પાપની સજા મારી સાથે મારા બાળકો પણ જીવનભર ભોગવશે. આજે સતત બે વર્ષથી સેવા કરું છું. નિઃસહાય, પાંગળા મારા એ બાળકોને જોઉ છું ત્યારે સતત ને સતત મને તારું સ્મરણ થાય છે. અવિરત થાક્યા વિના હાર્યા વિના કેટલા ઉત્સાહથી તુ મારી સેવા કરતી હતી. તારી ભક્તિ અને શક્તિથી જ મને નવું જીવન મળેલું તારા ઉપકારનું ઋણ તો અમે ક્યારેય ચુકવી શકીશું નહી. માફીની અપેક્ષા રાખી શકું એટલો નાનો મારો અપરાધ નથી પરંતુ સાચા હૃદયથી આજે નત મસ્તક તારી માફી માગું છું."

પત્ર વાંચ્યા બાદ કુમુદે ઉંડો શ્વાસ ભર્યો, આંખો બંધ કરી ઈશ્વરનું સ્મરણ કર્યું હૃદયથી કેતનના બાળકો માટે પ્રાર્થના કરી પોતાના નિત્યક્રમમાં લાગી ગઈ.

# થરાદમાં નાઇ સમાજના મહાસંમેલનમાં શિક્ષણ પર ભાર મુકવા હાકલ

## પ્રથમ વખત તાલુકાના યોજાયેલા સંમેલનમાં શિક્ષિત કર્મીઓનું સન્માન કરાયું


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરમાં સૌપ્રથમ વખત તાલુકાના ૧૨૪ ગામોના નાયી સમાજનું મહાસંમેલન યોજાયું હતું.હતું.જેમાં સમાજને શિક્ષણ તરફ લઈ જવાની હાકલ સાથે સમાજના શિક્ષિત કર્મચારીઓ અને ઉચ્ચ અભ્યાસ કરનાર તેજસ્વી વિધાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.મહાસંમેલનમાં સમાજ ઉમટી પડ્યો હતો.

થરાદમાં બક્ષીપંચ આશ્રમશાળા ખાતે નાઇ સમાજના ગુજરાત રાજ્યના પ્રમુખ આંબાભાઇ સોલંકી (થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમુખ)ની અધ્યક્ષતામાં લિંબચ યુવા નાઇ સંગઠન દ્વારા પ્રથમ વખત તાલુકાનું મહાસંમેલન યોજવામાં આવ્યું હતું.જેમાં થરાદ તાલુકાના ૧૨૪ ગામોના ભાઇ બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ સંમેલનમાં વ્યસનમુક્તિ,બેટી બચાવો,સામાજીક એકતા,સમાજ આર્થિક રીતે સધ્ધર થાય, યુવાનોને રોજગારી મળે તથા દિકરા અને દિકરીઓને ભણાવવામાં પાછી પાની નહી કરી ને સમાજને શિક્ષણના માર્ગે આગળ લઈ જવાની હાકલ કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના અભ્યાસ કરી રહેલા વિધાર્થીઓને ઈનામ વિતરણની સાથે થરાદ તાલુકાના નાઇ સમાજના શિક્ષિત કર્મચારીઓનું અને સંમેલનના દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ મહાસંમેલનમાં લિંબચ યુવાસંગઠન ગુજરાતના કલ્પેશભાઇ નાઇ (પ્રમુખ) જીતુભાઇ નાઇ (ઉપપ્રમુખ) પ્રવિણભાઇ શર્મા (મહામંત્રી)ડૉ મનીષાબેન રામજીભાઇ નાયી (પીએચડી જીઇએસ પાટણ) ઉપસ્થિત રહ્યા હતા.રાજ્યના પ્રમુખ આંબાભાઇ સોલંકીએ કાર્યક્રમનું આયોજન કરનાર સમાજના યુવા મિત્રોનો આવા ભવ્ય આયોજન બદલ આભાર વ્યક્ત કરી સમાજના દિકરા દિકરીઓને શિક્ષણ માટે મદદરૂપ થવાની લાગણી પણ વ્યક્ત કરી હતી.

# દાંતાના નાગેલ ગામે ઘાસના પુળા નીચે સંતાડેલો વિદેશી દારૂ ઝડપાયો



પ્રતિનિધિ દાંતા

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની પ્રોહીબીશન નેસ્ત નાબુદ કરવાની સુચના અને ના.પો.અધિ.એ આર જનકાંતના માર્ગદર્શન આધારે દાંતા પો.સ.ઈ એ.આર.વાળા તથા પો.સ્ટાફના ચંદનસિંહ પરબતસિહ, ચેતનભાઈ હીરાભાઈ, વાસીમખાન જાફરખાન સહિતના માણસો સાથે પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે નાગેલ ગામની સીમમાં આવેલ મોહનભાઈ જેહાભાઈ સેનમા મરણ ગયેલ હોય તેના ખેતરમાં પ્રવિણજી ઈશ્વરજી ઠાકોર રહે. મોરીયા તા. વડગામવાળો બાજરીના ઘાસના પુળા નીચે પરપ્રાંતીય દારૂ સંતાડી રાખેલ હોય તેનું વેચાણ કરે છે. જે હકીકત આધારે પ્રોહી રેડ કરતા પ્રવિણજી ઈશ્વરજી ઠાકોરે બાજરીના ઘાસના પુળા નીચે સંતાડેલ પરપ્રાંતીય દારૂ તથા બીયર ટીનની નાની મોટી બોટલો નંગ ૧૨૯ કુલ કિ. રૂા. ૧૮૪૭૫/- મળી આવી હતી. જ્યારે પ્રવિણજી ઠાકોર પોલીસને જોઈ નાસી ગયો હતો. જેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# મલોત્રા ચોકડી પાસેથી કેમ્પર ડાલા ગાડી માંથી વિદેશી દારૂ ઝડપાયો

પાલનપુર

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે એચ સિંધવ પોલીસ ઈન્સ્પેકટર એલસીબીના માર્ગદર્શન હેઠળ એલસીબી સ્ટાફ નાનરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ ની ટીમેં ધાનેરા પો.સ્ટે. વિસ્તારના મલોત્રા ચોકડી પાસેથી હકીકત આધારે કેમ્પર ડાલું ગાડી નં.જીજે.૧૦. ડબલ્યુ. ૩૮૫૯ માંથી વિદેશી દારૂ/બિયર બોટલ નંગ ૪૮૦ કિ.રૂ. ૪૮,૦૦૦/- તથા ગાડી ની કિ.રૂ.૩,૦૦, ૦૦૦/- તથા મોબાઈલ નગ ૧ કી. રૂ.૫૦૦એમ કુલ કિ.રૂ.૩, ૪૮,૫૦૦/-નો મુદામાલ રાખી ગાડીનો ચાલક પ્રતાપભાઈ જસાભાઈ મેગવાળ રહે.ભાટિબ તા.ધાનેરા વાળો પકડાઈ જઈ તેમજ સદરે દારૂ રાજસ્થાન ના મારુઆડા ઠેકે થી ભરેલ હોવાનું જણાવેલ જેથી સદરે વિરુદ્ધ ધાનેરા પોસ્ટે પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

# કાંકરેજ તાલુકાના રણાવાડા (જા) - ગામે સ્વાઈન ફલુનો કેશ મળતાં ફફડાટ

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના રણાવાડા (જા) ગામે દવે જયરામભાઈ (ઉ.વ.આશરે ૫૫ ) ને તાવ શરદી ઉધરસ તથા શરીરમાં કમજોરી જેવા અહેસાસ જણાતા સારવાર કરાવી હતી પરંતુ શિહોરીમાં રીપોર્ટ સાચો ન આવતા પાટલા રીફર કરાયા બાદ અમદાવાદની સ્ટલીંગ હોસ્પિટલમાં

અનુસંધાન પાના નં.૬

# બ.કાં. જિલ્લા વેપારી મંડળના હોદેદારોની સર્વાનુમતે વરણી

પ્રતિ. છાપી

બનાસકાંઠા ડીસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝની નવિન કારોબારીની બેઠક શનિવારે શીવમ સેલ્સ ખાતે શીવરામભાઈ આઈ. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં આગામી અઢી વર્ષ માટે પ્રમુખ તરીકે ગી-રીશભાઈ જગાણીયા, ઉપપ્રમુખ તરીકે સુરેશકુમાર અગ્રવાલ (છાપી), વિનોદભાઈ બી.પટેલ, મંત્રી તરીકે જયંતિભાઈ આઈ.પટેલ, સહમંત્રી તરીકે રમેશભાઈ બી.મહેતા અને જયપ્રકાશ મહેશ્વરી તેમજ ટ્રેઝરર તરીકે સંદિપભાઈ જી.પટેલ, આંતરિક ઓડીટર તરીકે ડો.દર્શનભાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બેઠક દરમ્યાન ચેમ્બરના પૂર્વ પ્રમુખ શીવરામભાઈ પટેલ દ્વારા ચેમ્બરના ભવ્ય ભવનના નિર્માણમાં તેઓના યોગદાનની કારોબારી સભ્યો દ્વારા નોંધ લઈ અભિનંદન આપવાની સાથે આગામી દિવસોમાં મંડળના ભવનનું ભવ્ય ઉદ્‌ઘાટન શીવરામભાઈ આઈ.પટેલના અધ્યક્ષ સ્થાને કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું ગત માસે યોજાયેલ જિલ્લા વેપારી મંડળની ચૂંટણી એડવોકેટ રસીકલાલ એમ.મોઢના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી જેમાં તમામ કારોબારી સભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

# ખીમત ચાર રસ્તા પાસેથી દેશી દારૂ ભરેલ ઓટોરીક્ષા ઝડપાઈ


સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા પોલીસ અધીક્ષક નીરજકુમાર બડગુજર જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે એચ સિંધવ પોલીસ ઈન્સ્પેકટર એલસીબીના માર્ગદર્શન મુજબ સ્ટાફના ભગવાનસિંહ, રણજીતસિંહ, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ, હરેશદાન નિકુલસિંહની ટીમે પાંથાવાડા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન મળેલ હકીકત આધારે ખીમત ચાર રસ્તા પાસેથી એક ઓટોરીક્ષા નં.જીજે.૦૮. ઝેડ.૧૨૮૮ આવતા સદરે રીક્ષાનો ચાલક હિતેશભાઈ ભરતભાઈ જોશી રહે. ધાનેરાવાળો રિક્ષામાં ૧૨૦/- લીટર દેશી દારૂ કી.રૂ. ૨૪૦૦/- તથા મોબાઈલ નંગ ૧ કી.રૂ.૫૦૦/- તથા રીક્ષાની કી.રૂ. ૨૫૦૦૦/- કુલ મુદ્દામાલ ૨૭૯૦૦/- સાથે પકડાઈ ગયેલ તેમજ સદરે દારૂ ચપકસિંહ હવુંજી સોલંકી રહે.ખીમત વાળાએ ભરાવેલ હોવાનું જણાવતો હોઈ બન્ને વિરુદ્ધ પાંથાવાડા પોસ્ટે પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સુરતમાં ચાંદની પડવાની ઉજવણી


વસંત બારોટ

ચાંદની પડવા નિમિત્તે ધારી - ભૂસાની લહેજત માણવા સુરતવાસીઓ ગૌરવપથ, ઉધના ના મગદલ્લારોડ, વેસુ, હજીરા રોડ વગેરે સ્થળે ઉમટી પડયા હતા સુરત કોટ વિસ્તારમાંથી આવતા પપ્પુભાઈ જરીવાલા, રાજુભાઈ રાણા તથા તેજસભાઈ ૧૯૯૬ થી ચાંદની પડવાની ઉજવણી કરવા ગૌરવપથ પર આવે છે. જ્યારે ૪૨ વર્ષથી સુરતને કર્મભૂમિ બનાવનાર વ્હોરા પરિવાર પણ સુરતી રંગથી રંગાયુ છે. વ્હોરા પરિવારમાં ઈકબાલભાઈ ઈન્દોરી અને ફીરોઝભાઈ શેખ છેલ્લા ૨૫ વર્ષથી ધારી - મુસુ લઈ ફેમીલી સાથે ચાંદની પડવો મનાવવા પિપલોદ આવે છે.

# વડગામના કબીરપુરા ગામ નજીક બસનું સ્ટેયરીંગ નીકળી ગયું


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ગઈકાલે રવિવાર તા. ૮/૧૦/૧૭ રવિવારે વડગામના વરણાવાડા ગામ નજીક જીએસટી આરસીની ગાડી નંબર જીજે-૧૮-વાય-૨૮૭૧, પાલનપુર ચિત્રોડા, મોકેશ્વર બસનું કબિરપુરા ગામ નજીક સ્ટેરીંગ નિકળી જતા બસ સાઈડના ખાડામાં ગરકાવ થઈ હતી. ડ્રાઈવરની સમય સૂચકતાથી બસમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હતો. બનાવની જાણ થતાં કબિરપુરા સરપંચ જગદીશભાઈ ચૌધરીએ ઘટના સ્થળની મુલાકાત કરી એસ.ટી.ને સલામત જગ્યાએ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

# ધાનેરામાં વિચરતી વિમુક્ત જાતિઓના સંગઠન માટેની બેઠક યોજાઈ


એન.કે.મોદી

પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં આજે મામા બાપજીના મંદિર ખાતે વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા વિવિધ વિચારતી જાતિઓના લોકોની બેઠક યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં વિચરતી જાતિના લોકો ઉપસ્થિત રહ્યા હતા જેમાં વિચરતા સમુદાય સમર્થન મંચના સેક્રેટરી મિત્તલબેન પટેલ દ્વારા આ સમુદાયના લોકોના ઉથ્થાન અને તેમના હક્ક માટે આગામી ૧૪ ઓક્ટોબરે પાલનપુર ખાતે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું હતું.

# કાંકરેજ તાલુકા સરપંચ એસોસીએશનના પ્રમુખનો સત્કાર સમારંભ યોજાયો


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકા સરપંચ એસો.ની રચના કરી પ્રમુખની વરણી કરાયા બાદ તા.૮-૧૦-૧૭ ના રોજ શીરવાડીયા ખાતે જોષી કરશનભાઈના ફાર્મહાઉસ ઉપર સરપંચ એસો.ના પ્રમુખ શ્રીમતી ગીતાબેન કરશનભાઈનો સત્કાર સમારંભ યોજાયો હતો. જેમાં વિવિધ ગામોના ૭૦ થી વધુ સરપંચો હાજર રહ્યા હતા. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યો અને સલાહકાર મનુભાઈ જોષી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાક નિષ્ફળમાં વ્હાલા દવલાની નીતિ અપનાવીને નુકશાનનું વળતર ખેડૂતોને સરકારે ચુકવણું કર્યું તે વિશે તાલુકા ખેતી વિસ્તરણ અધિકારીને રજુઆત કરવા તેમજ ગામોમાં વિકાસના કામોને વેગ આપવા આ સરપંચ એસોસીએશનની રચના કરવામાં આવી છે તેવું મનોજ જોષી તથા પસાભાઈ જોષીએ જણાવ્યું હતું.

# ઉત્તર ગુજરાતમાં પ્રથમ વખત ડીસા ખાતે સિઝન બોલ ટ્વેન્ટી- ટ્વેન્ટી લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ


ભરત સુંદેશા

ડીસા

ડીસાના ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરિટેબલ એકેડેમી સાંઈબાબા સ્પોર્ટસ ક્લબ અને ડી.પી.એલ. ગ્રુપ ડીસા દ્વારા ડીસા શહેરના ખેલાડીઓને ક્રિકેટ ક્ષેત્રે આગવી ઓળખ મળે. તેમજ સારું ક્રિકેટ રમે તે માટે ડીસા શહેર ટી-૨૦- ૨૦ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટનો આજથી ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર પ્રારંભ કરવામાં આવ્યો. આ ટુર્નામેન્ટ ઉત્તર ગુજરાતમાં પ્રથમ વખત ડીસા ખાતે યોજાઈ રહી છે. આ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂર્વ જિલ્લા ભાજપના પ્રમુખ મહેશભાઈ દવે, ગુજરાત સરકારના વેલફોર બોર્ડના ડાયરેક્ટર અને નગરપાલિકાના કારોબારી સમિતિના ચેરમેન શશીકાન્ત ભાઈ પંડ્યા, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ મગનલાલ માળી, ધી ડીસા એકેડેમીના પ્રમુખ છબીલભાઈ સોનેથા, મંત્રી સતિષ બનાવાલા, શૈલેષભાઈ પ્રજાપતિ તેમજ એકેડેમીના સી.ઈ.ઓ અને ચીફ ક્રિકેટ કોચ વિપુલ આલના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ ટુર્નામેન્ટમાં ડીસા શહેરની કુલ (૧૦) ટીમો ભાગ લઈ રહી છે. જેમાં કુલ (૧૭૦) એકસો સીત્તેર ખેલાડીઓ ભાગ લેશે. એમ ડીપીએલ કમિટીના સભ્યો હિમાશું ગજ્જર તેમજ લવ ઠક્કર, શૈલેષ મકવાણાએ જણાવ્યું હતું.

# ડીસામાં એસ.એમ.સી.ના સભ્યોને જિલ્લા કક્ષાની તાલીમ



ડીસા

ગત તા. ૬/૧૦/૨૦૧૭ ના રોજ બીઆરસી ભવન ડીસા, ઝવેરીનગર પ્રાથમિક શાળા ખાતે જિલ્લા કક્ષાની એસએમસીના સભ્યોની તાલીમ વર્ગમાં લાખણી તાલુકાની કુલ ૧૭૩ પ્રાથમિક શાળાઓમાંથી કુલ ૩૦૨ તાલીમાર્થીઓને એસએમસીની રચના, કાર્યો, ફરજો, જવાબદારીઓ ગર્લ્સ એજ્યુકેશન, આરટીઈ, પ્રજ્ઞા, સ્વચ્છ ભારત અભિયાનમાં એસએમસીની ભૂમિકા જેવા વિવિધ મુદ્દાઓ માટે સર્વ શિક્ષા અભિયાન મિશન, ગાંધીનગર આયોજિત તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ વર્ગમાં સ્ટેટ કક્ષાએથી ઉપસ્થિત અશોકભાઈ રાઠવી ઓઆઈસી કોમ્યુનિટી મોબિલાઈઝેશન, ગીતાબેન મકવાણા એએસએસ ઓઆઈસી કોમ્યુનિટી મોબિલાઈઝેશન, હિનાબેન પટેલ ગર્લ્સ એજ્યુકેશન કો. ઓ. એસએસએ પાલનપુર, અલ્પેશભાઈ પ્રજાપતિ, બીઆરસી કો.ઓર્ડિનેટર ડીસા દ્વારા તાલીમ વર્ગની મુલાકાત લઈ તાલીમ સંદર્ભે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર તાલીમ વર્ગના આયોજનમાં બીઆરસી ડીસા, સમસ્ત સીઆરસી ટીમ, તજજ્ઞ મિત્રો, વર્ગ સંચાલક મિત્રોએ તાલીમને સફળતા અપાવવા જહેમત ઉઠાવી હતી.

# દાંતા વનવિભાગ દ્વારા વન્ય જીવની સપ્તાહની ઉજવણી



પ્રતિનિધિ દાંતા

વનવિભાગ બનાસકાંઠા દ્વારા તા. ૨ ઓક્ટોબરથી ૫ ઓક્ટોબર સપ્તાહ દરમ્યાન વન્ય જીવન સપ્તાહની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત દાંતા પૂર્વે ફોરેસ્ટ રેન્જ દ્વારા રંગપુર મુકામે ગ્રામજનો તેમજ મહિલાઓ સાથેની મિટીંગનું

અનુસંધાન પાના નં.૬

www.iexindia.com

IEX INDIAN ENERGY EXCHANGE
ISO 9001:2008, ISO 27001:2013, ISO 14001:2004

Transforming the face of power market in India

Indian Energy Exchange - the largest exchange providing online platform for electricity and RECs trading in India. Promotes competition, efficiency and transparency to the market participants.



- India's largest power trading exchange providing online platform – Commanding a 94.8% share in power exchange market as of FY 2017*
- 5900+ Registered Participants, 50 Distribution Companies, 400+ Electricity Generators & 3900+ Open Access Consumers from 29 States & 5 UTs
- 40.5 BU of power traded and cleared in FY 2017 marking a growth of 77.5% compared to 22.8 BU traded in FY 2013
- Platform for smart and efficient power procurement by distribution companies and consumers and providing competitive price discovery; price of ₹2.4 per unit in FY 2017
- India has become power surplus with installed capacity increasing to 327 GW in 2017 from 124 GW in 2006, at a CAGR of 9.2% and peak demand increased at a CAGR of 5.0% to reach 159.5 GW in 2017
- Inter-regional transmission capacity has more than doubled over the last five years to approximately 75.05 GW for FY17 from 27.75 GW for FY12#
- Power exchange is at its nascent stage, trading 3.5% of the total electricity generated, whereas in most EU Exchanges, volumes are between 30% and 70% of energy consumption#
- The short-term electricity market in India is expected to touch 21.1% of electricity generated by FY22, of which 43% is expected to be traded over power exchanges#

**Exchange volume is likely to triple from 40.5 BU in FY17 to 126.4 BU in FY22#**

BU-(Billion Unit) *Source: Central Electricity Regulatory Commission (CERC). #CRIS Report titled "Short-term power market in India" dated May 2017 issued by CRISIL Risk and Infrastructure Solutions Limited ("CRIS") and updated by an addendum to the report in September 2017.

Indian Energy Exchange Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the Red Herring Prospectus dated September 26, 2017 ("RHP") with the Registrar of Companies, National Capital Territory of Delhi and Haryana at New Delhi. The RHP is available on the websites of SEBI, BSE, NSE at www.sebi.gov.in, www.bseindia.com, www.nseindia.com, respectively and is also available on the websites of the BRLMs at www.axiscapital.co.in, www.investmentbank.kotak.com and www.iiflcap.com. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, refer to "Risk Factors" on page 18 of the RHP.

This public announcement is for informational purposes only and is not an offer to buy any securities and does not constitute an offer to sell securities in any jurisdiction or in any circumstances in which such offer is unlawful. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933 ("U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) to "qualified institutional buyers" (as defined in Rule 144A ("Rule 144A") under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act.

Adfactors/523




# વધુ માત્રામાં દહીંનું સેવન કરવાથી બ્લડપ્રેશરની બિમારીથી બચી શકાય

જો તમે લોકો એમાંના જ એક છો કે જેને બ્લડ પ્રેશરની વધુ બીમારી હોય છે અને અવાર-નવાર તમે દુકાનનાં ચક્કર લગાવ્યાં કરો છો તો જો હવે તમે કોઈ દવાઓનો સહારો લેવા માંગતા ન હોવ તો હવે તમારે આ બીમારીથી ગભરાવાની જરૂર નથી. તેનાં માટે માત્ર તમારે રસોડામાં હાજર જાદુઈ ઠંડી ચીજવસ્તુને ડાયટમાં શામિલ કરી દો.

એક સંશોધન બાદ શોધકર્તાઓએ એવો દાવો કર્યો કે ભોજનમાં વધુ માત્રામાં દહીંનું સેવન કરવાંથી હાઈ બ્લડ પ્રેશરની બીમારીથી બચી શકાય છે. માત્ર એટલું જ નહીં પરંતુ સંશોધનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે જો વ્યકિત મહિનામાં પાંચ વખત દહીંનું સેવન કરે તેવી વ્યકિતઓમાં હાઈ બ્લડ પ્રેશરનું જોખમ ૨૦ ટકા જેટલું ઘટી જાય છે.

અમેરિકન હાર્ટ એસોસિએશન હાઈ બ્લડ પ્રેશરના રિસર્ચમાં આ માહિતી આપવામાં આવી હતી. પોતાના ૧૫ વર્ષના અભ્યાસ દરમ્યાન શોધકર્તાઓએ એવા ૨૦૦૦ લોકોનો અભ્યાસ કર્યો હતો, જેમને હાઈ બ્લડ પ્રેશર ન હતું. આ દરમ્યાન ત્રણ વખત આ લોકો જોડે દહીંનાં સેવન અંગે પ્રશ્નાવલીઓ ભરાવવામાં આવી અને પ્રત્યુત્ત્રારમાં જાણવા મળ્યું કે જે લોકોએ પ્રતિદિન પોતાની કેલરીની માત્રામાં ઓછામાં ઓછું બે ટકા જેટલું પણ દહીંનું સેવન કર્યું હોય એમનામાં

અનુસંધાન પાના નં.૬ ઉપર



# એનીમીયા (પાંડુરોગ)

**જીજ્ઞાસુ મિત્રો,**
તા.૩૧-૯

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

એનીમીયા (પાંડુરોગ)

અત્યારના વર્તમાન પરીસ્થીતિ લોકોને મુંઝવતો પ્રશ્ન હોય તો તે એનીમીયા (પાંડુરોગ) છે. બાળક જન્મે ત્યારથી જ કુપોષણનો ભોગ બનતો હોય છે.

લોકો આહાર પ્રત્યે સભાન હોતા નથી. શરીરમાં લોહીમાં હીમોગ્લોબીન તેમજ લાલકણો એનાથી વધે તેનું પુરતું જ્ઞાન નથી હોતુ. આજે આપણે હિમોગ્લોબીન તેમજ લાલકણો વધારવા માટે શું શું જરૂરી છે તેમાં થોડી માહિતી મેળવીશું.

ગાજર, બીટ, ચેરી, કીસમીસ, રીંગણા, ટામેટા, લીલાં શાકભાજી હળદર વિગેરે આપણા શરીરમાં હીમોગ્લોબીન વધારે છે.

આ સિવાય સફરજન, દાડમ વિગેરે ફળો પણ ઉપયોગી બને છે. ગુલાબનો અર્ક આંબળા, બીટ પણ ઉપયોગી છે.

બીટ એ સૌથી મહત્વનું છે.

શરીરમાં જ્યારે હેમરેજ થાય ત્યારે લોહી ખુટી જવાથી, એનીમીક થવાય છે જેમ કે ઘાવમાં લોહી નીકળવું, દુઝતા મસાને લીધે લોહીની ઉણપ થાય, લોહી મિશ્રીત મરડા થાય તો પણ લોહી ઘટી જાય, વાઈરલ તાવમાં પણ ઘણી વાર લોહી ઘટી જાય છે. આ સિવાય ટીબી કેન્સરને લીધે પણ લોહી ઘટવા લાગે છે. નસકોરી વારંવાર ફુટવાથી થાય છે. બહેનોને વધુ પડતું માસિક આવે તો પણ લોહી ઘટી જાય છે. પ્રસુતિ દરમ્યાન વધુ પડતું હેમરેજ થાય ત્યારે પણ લોહીની ઉણપ થતી હોય છે. ઓપરેશન દરમ્યાન હેમરેજ થાય છે.

જ્યારે લોહીની ઉણપ થાય ત્યારે હીમોગ્લોબીન ઘટી જાય છે. લાલકણો ઘટી જાય છે અને એનીમીયાના ભોગ બનવું પડે છે.આ સિવાય પણ ઘણાં કારણો છે. જે આપણે આગામી લેખમાં જાણીશું.

**એનીમીયા (પાંડુરોગ)ની દવા :**

એનીમીયામાં જ્યારે લોહી ખુબ જ ઓછું થાય તો લોહીના બાટલા ચડાવવા જરૂરી છે. હોમિયોપેથીમાં ચાઈના, ફેરમમેટાલિકમ, પલ્સાટીલા, એલેટ્રીસ, ફેરમફોસ, નેટ્રમમ્યુર, એલ્યુમીના, કલ્કેરીયાફોસ વિગેરે દવાઓ આપવામાં આવે છે.

**૧.ફેરમ મેટાલિકમ :** ચહેરો સફેદ પુણી જેવો લાગે, આંખો ફિક્કી લાગે, હૃદયના ધબકારા વધી જાય, ચામડી ફિક્કી લાગે, સફેદ પુણી જેવી લાગે, હાથ પગમાં દુઃખાવો થાય, થાક લાગે, શરીર સુકાવા લાગે, હોઠ ભુરા રંગના થાય, નખ ભુરા રંગના થવા લાગે વિગેરે લક્ષણોમાં આ દવા ઉપયોગી બને છે.

**૨. ચાઈના :** દર્દી થાકેલો હોય જે દર્દીને મેલેરીયા થાય અથવા ઝેરી મેલેરીયા થાય ત્યારે લોહીની ઉણપ થઈ શકે છે. એનીમીયા થઈ શકે છે ત્યારે આ દવા ખુબ જ ઉપયોગી બને છે. આંખોની આજુબાજુ બ્લ્યુ રીંગ થાય છે આંખો ઉંડી ઉતરી જાય છે, કાનમાં અવાજ આવે, નસકોરી ફુટવાથી પણ લોહીની ઉણપ થાય છે, જ્યારે બહેનોને વધુ પ્રમાણમાં માસિક આવે અને કાળો કલોટ થાય ત્યારે આ દવા ઉપયોગી બને છે.

**૩. એલેટ્રીસ :** જે બ્હેનોને વધુ પડતા માસિક સ્ત્રાવને લીધે એનીમીયા થાય, જે બહેનોને વારંવાર એબોર્શન થાય અને હેમરેજ વધારે થાય ત્યારે એનીમીયા થાય તો આ દવા ઉપયોગી બને છે. આ સિવાય પ્રદરની માત્રા ખુબ જ રહેતી હોય અને પરિણામે એનીમીયા થાય ત્યારે પણ આ દવા ઉપયોગી બને છે.

**૪. નેટ્રમમ્યુર :** એનીમીયાની આ સુંદર દવા છે. આંખોની આજુબાજુ તારા દેખાતા હોય, દિવસના ભાગમાં દેખાય, દર્દી ખુબ જ ખાય પણ લોહી બને નહીં, હાથ પગની તોડામણ થાય, અશક્તિ લાગે, ચક્કર આવે, થાક લાગે, ઉંઘ આવે નહીં, શરીરમાં લોહીની ઉણપ રહે.**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# માથાનો દુઃખાવો

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

પગથી ચાલે તે પશુ અને માથ થી ચાલે તે માણસ. જે નવું નવું વિચારે છે, સંશોધન કરેછે, સમગ્ર જગતને સુખી કરવામાટે પ્રયત્ન કરેછે તેવો આજનો યુવાન છે. પરંતુ ભાગદોડના જમાનામાં તે તેના મનને સારો વિચાર, ખોરાક તો જવા દ્યો સારીહવા પણ આપી શકતો નથી તેથી તે ઝડપથી મનથી ને શરીરથી થાકી જાય છે અને શરીર, મનના અનેક રોગોનો શિકાર થાય છે.

શરદી, ખાંસી, તાવ, હાઈ બીપી, લો બીપી, કબજીયાત, ગેસ – વાયુ, અપચો, કૃમિ, આંખના રોગ, માનસિક રોગ, કાનના રોગો, દાંતના રોગો, સાંધાના રોગો, અધિક ઠંડી, અધિક ગરમી, વાદળછાયું વાતાવરણ, આવા અનેક કારણો અને રોગોના લક્ષણ સ્વરૂપે કે સ્વતંત્ર રૂપે માથાનો દુઃખાવો થાય છે.

આ દુઃખાવોની પીડા સામાન્થી શરુ થઈ એટલી અસહ્ય હોય છે કે દર્દી પોતાનું માથું જાતે જ દિવાલ સાથે ટકરાવે – અફડાવે ત્યારેજ શાંતિ થાય તેવી અસહ્ય વેદના થાય, અર્ધું માથું જ દુખે, સવારે દુખે તો સાંજે મટે, સવારે શાંતિ તો સાંજે દુખે, એક,બે કે ત્રણ દિવસ છોડી ને દુખે... આમ, ઘણા બધા સ્વરૂપે દેખાતો માથાનો દુઃખાવો તાત્કાલિક ઘરેલું ઉપચાર સ્વરૂપે કેવીરીતે મટાડવો તેનો થોડોક વિચાર અહિયાં કરીશું.

૧. વાયુનો માથાનો દુઃખાવો - પેટના ગેસ-વાયુ, કબજિયાત કે લો.બીપી, માથાના જ્ઞાનતંતુ જન્ય, માથામાં લોહી ઓછું પહોંચવાથી કે કામના વધુ ભારણથી થતો માથાનો દુઃખાવો – વાયુથી થાય છે તેમ વિચારી શકાય. તેવી સ્થિતિમાં માથામાં,ડોકના ભાગે, બને લમણાના ભાગે વાયુનું શમન કરે તેવું કરીને નાક માં ૨-૨ ટીપાં નાખવામાં આવે, તો દુખાવોનું શમન થશે સાથે સાથે માથાના જ્ઞાન તંતુને બળ મળે તેવા ખોરાક અને ઔષધનું સેવન કરી શકાય.

**૨. પિતથી થતો માથા નો દુઃખાવો** – ગરમી, ચિંતા, ક્રોધ, ગરમ ખોરાક, હાઈ બીપીના કારણે કે પિતના રોગો – અમ્લપિત,ઉર્ધ્વપિત, આંખના રોગોના કારણે થતો પિતજ શિરઃશુલમાં નાકમાં ગાયના ઘીના ટીપા નાખવાથી, દૂધ સાથે ઘી કે ગરમાળાના સારગર્ભનું પાણી પીવાથી પિતનું વિરેચન થવાથી, કપાળના ભાગે ઘીનું માલીશ કરવાથી, તીખા, તળેલા, ગરમ ખોરાક બંધકરવાથી, દ્રાક્ષ, આમળાં, શતાવરી, જેઠીમધ, સાકર નું સેવન વધુ કરવાથી પિતથી થતો માથાનો દુઃખાવો મટે છે.

**૩. કફથી થતો માથાનો દુઃખાવો**- શરદી, કફ, અપચો, આમદોષ, આળસ, દિવસ ની ઊંઘ ના કારણે જયારે માથાનો દુઃખાવો થાયછે ત્યારે નાક માં સુંઠ+ ગોળ+ પાણીના ટીંપા નાખવા. કપાળના ભાગે સુંઠ ને ગરમ પાણી સાથેનો લેપ કરવો. દર્દની તીવ્રતા વધુ હોય તો નાક થી સુંઠ નું ચૂર્ણ ખેંચવું જેવા પ્રયોગો થી તત્કાળ રાહત થાય છે.

**૪. ત્રણેય દોષથી થતો માથાનો દુઃખાવો**- કોઈ ચોક્કસ કારણ ખ્યાલમાં ના આવે, સમય અને સ્થિતિ પણ નિશ્ચિત ન હોય છતાં દરેક સ્થિતિમાં માથું દુઃખે ત્યારે વૈદ્યના માર્ગદર્શન થી સુંઠ+ ગોળ+ પાણી અથવા ઘીના ટીપા નાકમાં નાખવાથી અને પથ્યાદીક્વાથનો ગોળ સાથે ઉકાળો પીવાથી, હરડે ચૂર્ણ કે હરડે દળની છાલ ચૂસવાથી માથાના દુઃખાવામાં રાહત થશે.

**૫. કૃમિથી થતો માથાનો દુઃખાવો** – કૃમિથી માથાનો દુઃખાવો તો થાય અરે... આજ નો જોવા મળતો હાર્ટ એટેક M.I પણ કૃમિથી થાય છે. માથામાં કૃમિ સળવળાટ કરેને નાક માંથી બહાર નીકળે આ તમને આશ્ચર્ય કદાચ લાગે પરંતુ હકીકત છે. દર્દી માથુંદીવાલ સાથે અફડાવે ત્યારે જ તેને સારું લાગે આવું જયારે અમે જોયું ત્યારે આયુર્વેદના ઋષિ- આચાર્યના શબ્દો આંખની સામે આવ્યા અને આ દર્દ કૃમિથી જ છે તેવું ચોક્કસ થયું. આવા દર્દી ને અમે નાકમાં બકરીના પેશાબમાં સુંઠ,મરી,લીંડીપીપર ને કણજીના બીજને લસોટીને, ગાળીને દર્દીના નાકમાં સતત વારંવાર ટીંપા નાખવાથી નાક માં થી જીવતા, કાળા ૫૦ થી અધિક કૃમિ નાકમાંથી બહાર નીકળતા જોયા છે.૬. આધાશીશી- અર્ધું માથું દુઃખે કે અર્ધા દિવસ માથું દુઃખે તે આધાશીશી. તે ત્રણેય દોષ થી થાયછે. છતાં તે પિત્ત પ્રધાન કે પિત્ત વાતજ રોગ છે. આવા દર્દી ને શતાવરી, જેઠીમધ જેવા ઔષધ દ્વારા આયુર્વેદ થી કાયમી માટે દર્દ દૂર થાય છેઆમ, માથા નો દુઃખાવો મટાડવો સાવ સહેલો છે પરંતુ તેનું આયુર્વેદ પદ્ધતિ થી ચોક્કસ નિદાન થવું જરૂરી છે.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને સ્વાઈન ફ્લૂ વેક્સિનથી સ્વચ્છતા સુધી બચાવ શક્ય

**સાઈકોથેરાપીસ્ટ**

આ ઋતુ અને આવનાર કેટલાક અન્ય સપ્તાહમાં આ બીમારીઓ માથુ ઊંચકવાની છે. દેખીતું છે કે ઋતુમાં ફેરફાર કે નિયંત્રણની કોઈ સ્વિચ મનુષ્યના હાથમાં નથી પરંતુ બીમારીઓના બચાવ આપણા હાથમાં છે. તો આવો જાણીએ ઉક્ત ત્રણેય બીમારીઓના સંબંધમાં કેટલાક ઉપાયો વિશે...

ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને સ્વાઈન ફ્લૂ પાછળના કારણો એક-બીજા સાથે જોડાયેલા છે. જેમ કે ગંદકી, અનહાઈજિનિક કન્ડીશન્સ, મચ્છર અને સંક્રમિક વ્યક્તિના સંપર્કમાં આવવું. આ ઋતુ આ બીમારીઓના વાયરસ માટે અનુકૂળ હોય છે તેથી વરસાદથી લઈને ઠંડીના પ્રારંભ સુધી આ બીમારીઓ જોરદાર રીતે માથુ ઊંચકે છે. જેમ કે તાપમાનમાં વધારો થાય છે, ભરાયેલુ પાણી, કાદવ કે ગંદકી, ભેજ વગેરેથી છૂટકારો મળવા લાગે છે, એવામાં સંક્રમણનો હુમલો નબળો થવા લાગે છે. પરંતુ ઋતુમાં સુધારો ન થાય ત્યાં સુધી બચાવ કરવાની ખાસ આવશ્યકતા હોય છે.

વાયરસ અને શિકાર આ ત્રણેય વાયરસ દ્વારા સ્વસ્થ લોકો સુધી પહોંચનારી સમસ્યાઓ છે. મચ્છર તેમને તંદુરસ્ત લોકો સુધી પહોંચાડવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે તેથી સૌથી પહેલી સતર્કતા મચ્છરના હુમલાથી બચવાની છે. ત્યાં સ્વાઈન ફ્લૂના સંદર્ભમાં વેક્સીનેશન પણ બચાવનું સાધન બની શકે છે. ડેન્ગ્યુની વેક્સીનને લઈને પરીક્ષણ ચાલી રહ્યું છે. માથાનો દુઃખાવો, થાક, શરીરમાં દુઃખાવો, સાંધામાં દુઃખાવો અને સોજો, મસલ્સ પેન વગેરે લક્ષણો ત્રણેય બીમારીઓમાં સામાન્ય છે જ્યારે કે સ્વાઈન ફ્લૂમાં શરદી-ખાંસી, નાક વહેવી, ગળાનું ખરાબ થવું વગેરે વધારાના લક્ષણો છે જે સામે આવે છે. આમ તો કોઈ પણ વ્યક્તિ આ ત્રણેય બીમારીઓની ચપેટમાં આવી શકે છે પરંતુ ખાસ કરીને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા ડાયાબિટીસ જેવી કોઈ તકલીફથી ગ્રસ્ત લોકો, ગર્ભવતી મહિલાઓ, કુપોષણના શિકાર લોકો, બાળકો તથા વૃદ્ધ, વધારે ગંદકી, ગીચ કે અન હાઈજીનિક સ્થિતિમાં રહેતા તેમનો સરળ શિકાર બને છે. બચાવ અને સતર્કતા ઉક્ત બીમારીઓનો મહદ અંશે બચાવ શક્ય છે. જો લક્ષણો દેખાય તો તેમને નજર અંદાજ કરવા ન જોઈએ, ના તો જાતે ડોક્ટર બનીને કોઈ ઈલાજ કરવો જોઈએ. તાકીદે ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ અને યોગ્ય ઈલાજ શરૂ કરાવવો જોઈએ. ત્રણેય બીમારીઓમાં યોગ્ય તપાસ અને યોગ્ય ઈલાજ અત્યંત મહત્વ ધરાવે છે અને હંમેશા તેમની કમી જ મોતનું કારણ બને છે. સ્વાઈન ફ્લૂના સંદર્ભમાં બચાવ સામાન્ય ફ્લૂની જેમ સ્વાઈન ફ્લૂ પર ધ્યાન ન આપીએ તો ન્યુમોનિયા, ફેંફસાનું ઈન્ફેક્શન અને અન્ય શ્વાસ સંબંધી બીમારીઓનું ગંભીર રૂપ લઈ શકે છે. જો તમને ડાયાબિટીસ કે અસ્થમા છે તો સ્થિતિ વધારે બગડી શકે છે. તેથી બેદરકારી ના દાખવતા.

**ફ્લૂની રસી મૂકાવો** - ઘર અને બહાર બન્ને જગ્યાએ સાફ સફાઈનું વિશેષ ધ્યાન રાખો અને બહારથી ઘરે આવતા પહેલા સારી રીતે હાથ-પગ ધોઈ લો. - ઘરની બહાર કોઈની સાથે હાથ મિલાવવાથી, ટોયલેટ કે અન્ય જગ્યાના દરવાજાના હેન્ડલ, જાહેર ટેલિફોન કે કોમ્પ્યુટર વગેરેને બચાવના ઉપાય કર્યા વિના સ્પર્શ ના કરતાં. જો આમ કરવું પણ પડે તો તરત જ હાથ ધોઈ લો. - શરદી-ખાંસી વગેરેના પીડિતોથી દૂર રહો. માસ્ક કે અન્ય ઉપાયોનો પ્રયોગ કરો. છીંકતી-ખાંસી ખાતી વખતે મોં-નાકને કવર કરીને રાખો. સંક્રમિત વ્યક્તિના કોઈ પણ સામાનનો ઉપયોગ કરવાનું ટાળો. - વારંવાર મોં, નાક અને આંખ પર હાથ લગાવવાનું ટાળો. - સેનેટાઈઝર અને સાબુથી હાથને સ્વચ્છ રાખો - જો બીમાર હોવ તો શાળા કે ઓફિસમાંથી રજા લઈ લો.

**ડેન્ગ્યુ અને ચિકનગુનિયા મામલે બચાવના ઉપાય -**

મચ્છરોનો ઉપદ્રવ થતાં રોકો, ઘરની આસપાસ પાણી એકત્રિત થવાના દો, ગંદકી ન થવા દો. - ચોખ્ખા પાણીને વધારે એકત્રિત કરી કે ખુલ્લુ ના રાખો. - મચ્છરદાનીનો પ્રયોગ કરો. - દિવસમાં મોસ્કિટો રેપેલન્ટ, વિશેષ ક્રીમ્સ, લોશન વગેરેનો ઉપયોગ કરો. આખી બાયના વસ્ત્રો પહેરો. - ઘર અને ઓફિસ, શાળાની આસપાસ મચ્છરવિરોધી રસાયણોનો છંટકાવ કરાવો. ચિકનગુનિયાના સર્ક્યુલેશન વાંદરા, પક્ષીઓ તથા ગાય-બળદ વગેરે પશુઓથી પણ થઈ શકે છે એવામાં આ પ્રાણીઓની નજીક જતાં પણ સાવધાની દાખવો.

# સંબંધનો શ્વાસ એટલે વિશ્વાસ

**મન બિલોરી કાચ** — **મંજુ પ્રજાપતી**

મન દર્પણ-મંજુ પ્રજાપતી

કોઈ પણ સંબંધની મજબૂતીનો આધાર 'વિશ્વાસ' છે. એમાય વિશ્વાસમાં પવિત્રતાનું તત્વ ભળે છે. ત્યારે તે 'શ્રધ્ધા'માં પરિણામે છે. શ્રધ્ધા અને વિશ્વાસના સહારે નબળા સંબંધ પણ મજબુત બનાવી શકાય છે. શર્ત માત્ર એટલી હોય છે કે વ્યક્તિને પોતાની ક્ષમતા ઉપર પણ પૂર્ણ આત્મવિશ્વાસ હોવો જોઈએ. વિશ્વાસ એ તો સંબંધનો શ્વાસ છે. જરુર પડ્યે વિશ્વાસ ઉપર અંધવિશ્વાસ પણ કેળવી લેવો જોઈએ. અડગ આત્મવિશ્વાસ વ્યક્તિને અશક્યભાસતા કાર્યોકરવાની હિંમત અને પ્રેરણા આપે છે.આપના સમાજમાં વ્યક્તિ તેમના રાજીદોકે અન્ય ખાસ કાર્યો કરવા માટે કોઈને કોઈ પ્રકારે અન્ય વ્યક્તિઓના સંપર્કમાં આવતો હોય છે. આ સંપર્ક ધીમેધીમે સંબંધમાં પરિવતિત થાય છે. સંબંધો જાળવી રાખવા કે અન્ય કાર્યો સફળતાપૂર્વક પાર પાડવામાં 'વિશ્વાસ' ખુબ જ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. વિશ્વાસનું ખુબ મહત્વ છે. તેણી મહત્તા સમજવા માણસે વિશ્વાસપર અંધવિશ્વાસ મુકવો પડે તો મૂકી દેવો.

સંબંધોને મુખ્યત્વે બે પ્રકારે વિભાજીત કરી શકાય જેમાં એક છે વ્યવહારિક અને બીજી છે લાગણીના સંબંધો. આ બંને પ્રકારમાં મુખ્ય પરિબળ સ્વાર્થ છે. વ્યવહારિક સંબંધો મહદ અંશે 'સ્વાર્થ' ની આજુબાજુ ફરે છે, પરંતુ લાગણીના સંબંધોમાં સ્વાર્થભાગ્યે જ જોવા મળે છે. અલબત તેમાં લાગણીનું આદાનપ્રદાન થાય તેટલો સ્વાર્થ તો અવશ્ય રહેવાનો જ.

આદાન પ્રદાનની શ્રૃંખલા ડીસ્ટર્બ થાય છે. ત્યારે વ્યક્તિના મન કે દિમાગ શંકા રૂપી સાદથી પ્રદુષિત થાય છે. શંકાનો કીડો સળવળાટ એટલી હદે વ્યક્તિને અકળાવી મુકે છે કે તેની અસર તેના સંબંધોમાં અને પોતાના વ્યક્તિગત રૂપથી પણ થાય છે. શંકાનું તત્વ એટલી હદે શક્તિશાળી હોય છે કે તે વ્યક્તિને એક જ દિશામાં વિચારવા અને જોવા મજબુર કરી દે છે. વ્યક્તિ સાવ નિરાશ, લાચાર અને નિઃસહાય બની જાય છે.

જે સંબંધને શંકાની લૂણો લાગી જાય છે. પછી તેનુય સદી જવું લગભગ નક્કી થઈ જતું હોય છે, આ સાદો ચટ્ટાન જેવા મજબુત સંબંધને ધીમેધીમે કોરી ખાય છે. આખરે ચટ્ટાન ધૂળમાં મળી જાય છે, મતલબ કે સંબંધ ઉપર પૂર્ણવિરામ મૂકી જતું હોય છે. લાગણીનું સ્થાન પછી તો ધ્રુણા અને તિરસ્કાર લઈ લે છે. હા, વ્યક્તિ સમજદાર હોય તો સામેના પાત્રને તિરસ્કાર કે ધ્રુણાની દ્રષ્ટીએ નથી નિહાળતો પરંતુ તેણી લાગણી મારી પરવારે છે.

માટે જ એમ કહેવાય છે કે વ્યક્તિ પોતાના મનમાં ઉદભવતી શંકાનું નિવારણ લાવવું ખુબ જ જરૂરી છે. એવું જરૂરી નથી કે તમારી શંકાઓ સાચી જ હોય અને શંકા નિર્મૂળ કરવાનો સૌથી આસાન રસ્તો છે. 'પારદર્શિતા' આપના વ્યવહાર માં હશે તો સામે વળી વ્યક્તિના મનમાં શંકા ઉભી થવાની શક્યતા નહિવત બની જશે. વ્યવહારિક સંબંધના બહુ આયામી આદાન પ્રદાન હોય કે પછી લાગણીના સંબંધમાં હેતની આપ-લે, પારદર્શક અભિગમ માં હમેશા રંગ લાવે છે, અહી એ પ્રશ્ન ઉદભવી શકે છે કે, પારદર્શિતા કેવી રીતે આવે? આ સવાલનો જવાબ પણ આસન છે. આપને એક વ્યક્તિ તરીકે જેવા હોઈએ રેવો જ **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# અવાર-નવાર ઉપવાસ કરવાથી હૃદય-હેલ્થ માટે સારું

**આરોગ્ય સંહીતા**

જેમના લોહીમાં વધુ માત્રામાં કોલેસ્ટરોલ હોય તેમને કોરોનરી હાર્ટ-ડીસીઝનું રિસ્ક વધે છે. ચરબીની જમાવટને કારણે રકતવાહીનીઓ સાંકડી અને કડક થાય છે જેને કારણે હાઈપરટેન્શન પણ વધે છે. અમેરિકાની ઈન્ટરમાઉન્ટેઈન મેડીકલ સેન્ટર હાર્ટ ઈન્સ્ટિટયુટના કાર્ડિયોલોજિસ્ટોની ટીમનું કહેવું છે કે જેમને અતિશય વધુ માત્રામાં કોલેસ્ટરોલ રહેતું હોય તેમણે સમયાંતરે ઉપવાસ કરવા જોઈએ, કેમ કે અવારનવાર ઉપવાસ કરતા લોકોમાં ખરાબ કોલેસ્ટરોલ અને ટ્રાઈગ્લિસેરોઈડ (ખરાબ ચરબી) નું પ્રમાણ લગભગ ૧૪ થી ૧૯ ટકા જેટલું ઓછું નોંધાયું હતું. ખરાબ ચરબીને કારણે રકતવાહિનીઓમાં અવરોધ આવવાનું રિસ્ક ઘટતાં હાર્ટ-અટેકની સંભાવનાઓ ઘટે છે. એકસામટા વધુ પડતા ઉપવાસ નહીં, પરંતુ નિયમિત સમયાંતરે અને ખાસ કરીને અઠવાડીયામાં એકાદ વાર ઉપવાસ, કરવામાં આવે તો એની બ્લડ-શુગર, રકતવાહિની અને લોહીમાં રહેલા કોલેસ્ટરોલ-લેવલ ત્રણેય પર પોઝીટીવ અસર પડે છે. અહીં ઉપવાસનો અર્થ ભરપુર ફરાળ ખાઈને કરેલા ધાર્મિક ઉપવાસ એવો નથી થતો. ડીટોકિસફાઈંગ પ્રોસેસ માટે જરૂરી ફાસ્ટિંગ કરવું જોઈએ.

# મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

તેઓ ખુબ જ રોકકળ કરતા હતા તેવામાં એકાદ કલાક પછી ફરીથી તેમને ફોન પર એક જ વ્યક્તિ દ્વારા કહેવામાં આવ્યું. અંકલ ! માફ કરજો થોડી સમજફેર થઈ છે એ અકસ્માતમાં આપનો પુત્ર નહીં પરંતુ તેમના જેવી દેખાતી કોઈ અન્ય વ્યક્તિ ઘાયલ થઈ હતી અને તમારો પુત્ર તેમનાં કાર્યસ્થળે સલામત છે એની મેં ખાતરી કરી છે.. આ સાંભળતાં જ વૃદ્ધ માતા પિતા ખુબ જ આનંદમાં અને ગેલમાં આવી જાય છે. તેઓ ખુશીથી ઝુમી ઉઠે છે અને જાણે ઉત્સવ ઉજવતા હોય તેવું વાતાવરણ સર્જાઈ જાય છે.

આમ ભૌતિક રીતે લગભગ ઉપરોકત પ્રમાણેની ઘટના ન ઘટી હોય તો પણ અને તે બાબતથી અજાણ એવું મન પ્રાપ્ત થતી માહીતીના આધારે કેટલું ઘરમુળમાંથી બદલાઈ જાય છે. તેનો ખ્યાલ આવે છે મન એ સંજોગોનું ઓશિયાળું છે અને સંજોગો સાચા ખોટા કે ભ્રામક પણ હોઈ શકે પરંતુ મન તેને વાસ્તવિક સમજીને જ સર્વ સુક્ષ્મ ક્રિયાઓ કરે છે.

મનુષ્ય ઘડીકમાં આનંદમાં અને ઘડીકમાં મુંઝાયેલો જોવા મળે છે. શા કારણે ? તેનું માત્ર એક સીધું સાદુ કારણ એ છે કે મનુષ્ય એક યંત્ર છે. તેની ઉપર આ બધી ઘટનાઓ ગુજરે છે. તેની કોઈ જ પસંદગી ચાલતી નથી. બધી જ બાબતો તેની સાથે બની જાય છે. બાહ્ય સંજોગો સમક્ષ તે બિલકુલ લાચાર છે, બાહ્ય પરીસ્થીતિઓનું તેને આજીવન ગુલામ છે. તે સાચું પણ બોલે છે તો તેમાં પણ પોતાની લાચારી હોય છે.કારણ કે તે ખોટું બોલી શકતો નથી. તે ખોટું બોલે છે તો તેમાં પણ તેની લાચારી હોય છે. કારણ કે તે સાચું બોલવા અસમર્થ હોય છે. ટુંકમાં સામાન્ય સંજોગોમાં અથવા અસામાન્ય સંજોગોમાં માણસને સમર્થ બનવા માટે કોઈ વિશેષ પ્રયત્નોની જરૂર હોય છે.

ગુર્જીએફ તો તેવું દ્રઢપણે માને છેકે, આધુનિક મનુષ્ય પુરેપુરો યાંત્રિક છે ! **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# શાકભાજીનો રસ પીવાથી વજન ઘટે છે : અભ્યાસ

**આરોગ્ય**

ફ્રુટસ ભલે ગમે એટલાં હેલ્ધી કહેવાતાં હોય, પણ જયારે વજન ઘટાડવાની વાત આવે ત્યારે એનું સેવન સંભાળપુર્વક કરવું જરૂરી બની જાય છે. ફ્રુટસમાં નેચરલ શુગર સારી એવી માત્રામાં હોય છે એટલે આખા ફળ ખવાય એ ઠીક છે, પણ એના રસ પીવાનું હિતાવહ નથી. અલબત્ત, વજન ઘટાડવા માગતા લોકોએ પ્યોર વેજિટેબલ્સનો જૂસ કાઢીને પીવો જોઈએ એવું અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના રિસર્ચરોનું કહેવું છે. આઠ ઔંસ એટલે કે આશરે ૨૫૦ મીલી લીટર જેટલો તાજાં શાકભાજીનો રસ નિયમિત પીવાથી શરીરને જરૂરી વિટામિન્સ અને મિનરલ્સ મળી રહે છે અને કેલરી પણ ઓછી પેટમાં જાય છે. એટલી જ માત્રામાં જો ફળોનો જૂસ પીવામાં આવે તો એમાં પોષક તત્વોની સાથે સીમ્પલ શુગર પણ ખૂબ મોટી માત્રામાં પેટમાં જાય છે જે વજન માટે હાનિકારક છે. ઓછી કેલરી અને વધુ પોષણનું કોમ્બિનેશન હોવાથી વેઈટ કન્ટ્રોલ માટેના ડાયટમાં વેજિટેબલ જૂસ ઉમેરવાનું હિતાવહ ગણાય છે. હાઈપરટેન્શનની તકલીફવાળા લોકો જયારે વેઈટ કન્ટ્રોલ માટે ડાયેટિંગ કરતા હોય ત્યારે તો વેજિટેબલ્સથી ખાસ ફાયદો થાય છે.

## હોમીયોપેથીક

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

**૫. કલ્કેરીયા ફોસ :** આ દવા કેલ્સીયમ, આર્યન અને લાલકણો ખુટી જાય ત્યારે આ દવા કામ લાગે છે. હાથપગમાં ખાલી ચડી જાય, સંડાસમાં લોહી પડે, હાથ પગના સાંધામાં દુ:ખાવો થાય, હાડકાં નબળાં પડે, હાથ પગ જકડાઈ જાય, સ્ટીફનેસ આવે, આમ બાળકોને લીધે લોહીમાં ફેરફાર થાય અને એનીમીયા થાય વિગેરેમાં આ દવા ઉપયોગમાં આવે છે.

.રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

આપનો વ્યવહાર હોય, આપણે જેવા બહારથી દેખાતા હોઈએ, એવા જ વ્યક્તિ અંતરથી બની રહીએ, આપને જેવા નથી તેવો દેખાવ ઉભો કરવાનો દંભ કદાપી ના કરીએ. અને માત્ર આપણા જ નહીં સામેની વ્યક્તિના સ્વાર્થ, અપેક્ષા અને લાગણીનો પણ વિચાર કરીએ તો પારદર્શિતા આપોઆપ આવશે.જયારે આમાં કશુંક ખૂટે છે ત્યારે આપણને કે પછી સામે વળી વ્યક્તિને શંકા કરવાનું કારણ મળી રહે છે. વાતવાતમાં શંકા કરતી રહેતી વ્યક્તિ આખરે શંકાશીલ બની જાય છે શંકાશીલ સ્વભાવ માણસને તબાહ કરી દે છે.એક સત્ય સહુ એ યાદ રાખવું જોઈએ કે સામેની વ્યક્તિનો વિશ્વાસ જીતવાની કળાઓ કે ક્ષમતા કેળવવાથી સંદેહ રૂપી દુષણનો ભોગ બનતા બચી શકાય છે. કોઈ પણ વ્યક્તિનો વિશ્વાસ જીતવા ઘણી વખતેતો આખી જીદગી ઓછી પડે છે. અને...હા...કોઈનો વિશ્વાસ તોડવા તો એક ક્ષણ પણ કાફી હોય છે. જેમ કે સંબંધ બંધાતા જન્મારો વીતી જાય છે. ને સંબંધ તોડતા ક તુટતા માત્ર ફક્ત એક પળ જ કાફી બની રહે છે.

સંબંધો વિશ્વાસની દોરી પર ટકી રહેલા હોય છે. વિશ્વાસ ભંગ થવા માટેના કારણોની આપણા સામજિક માહોલમાં કોઈ જ કમી નથી. એમાંય જયારે વિશ્વાસઘાત થાય છે ત્યારે તેમાંથી પ્રગટ થતા આઘાત અને પ્રત્યાઘાત વ્યક્તિને એટલી હદે હચમચાવી નાંખે છે કે તેનું દિમાગ સ્વસ્થતાથી વર્તવાનું અને વિચારવાનું વિસરી જાય છે. અરે, હદ તો ત્યારે થાય છે જયારે સદગુણી વ્યક્તિ વિશ્વાસઘાતને પણ પચાવી જાય છે, પરંતુ દુર્ગુણી વ્યક્તિ વારંવાર વિશ્વાસઘાત કરે છે. જોકે આમ છતાં સારા માણસો પોતાની જાતને આવા દુષણનો ભોગ બનતા બચાવવામાં કામિયાબ રહે છે. સદગુણી વ્યક્તિ પોતાના આવા સદ્વ?યવહારથી નઠારા અને વિશ્વાસઘાતી માણસોના હૃદય તથા વિચાર પરિવર્તન થશે જ તેવો માત્ર વિશ્વાસ જ નહિ પરંતુ શ્રધ્ધા પણ ધરાવતા હોય છે.

વ્યવહારિક અને સામાજિક સંબંધોની તુલનાએ પ્રેમ અને લાગણીના સંબંધોમાં પારદર્શિતાના અભાવે શંકા કુશંકા ઉભી થતી થાય છે. બે પાત્રો વચ્ચેના વાણી વ્યવહાર અને લાગણીના આદાન પ્રદાનમાં ઓટ આવે છે, ને આખર સંબંધ પુરા થઈ જાય છે. આપણે જે સમાજમાં રહીએ છીએ તેમાં એક પણ વ્યક્તિ સંબંધના આટાપટામાં સામેલ થયા વગર જીવી શકે તેમ નથી આવી સ્તિથીમાં વ્યક્તિ અશક્ય હોય ત્યાં સુધી પારદર્શિતા અપનાવવી જોઈએ જેના કારણે સમસ્યાઓની પળોજણમાંથી ઉગારી શકાય છે પ્રત્યેક વ્યક્તિએ એક સબક તો હંમેશા જીવનભર યાદ રાખવો જોઈએ કે, ક્યારેય કોઈ નો દ્દવિશ્વાસઘાત કરીને તેના હૃદયને વીંધી ના નાખવું. વિશ્વાસઘાત જેવું બીજું કોઈ મોટું પાપ નથી લાગણીના સંબંધને કાયમ જીવંત રાખવા હંમેશા વિશ્વાસ ત=રાખવો. શ્રધ્ધા પણ રાખવીને જરૂર પડે તો વ્યક્તિએ અંધશ્રધ્ધા પણ કેળવી લેવી પરંતુ આવા ઉમદા અને દુર્લભ સંબંધને 'ભૂતકાળ' બની જતા બચાવવા જોઈએ.

**- મંજુ પ્રજાપતિ**

## માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

તે કંઈ પણ કરવા અસમર્થ છે. બધું જ આપમેળે બનતું હોય છે અને તે એવું સમજે છે કે કોઈ ઘટના પોતાના અગાઉના પ્રયત્નોને લીધે જ ઘટી છે. તો પછી તે હળાહળ જુઠ છે ! શકય છેકે ભુતકાળમાં જે પ્રયાસો થયા હોય તે પણ આપમેળે થયા હોય અને સાકાર થતી ઘટના ફકત તેના કારણો ઘટી હોય તેવું લાગવા છતાં ખરેખર તો જે તે ક્રિયા ઘટના તે પ્રમાણે જ ઘટવાની હોય તેવું પહેલેથી જ નક્કી હોય છે. તેઓ આગળ કહે છે કે, હાલની અવસ્થાએ તો મનુષ્ય કંઈ પણ કરી શકવા સમર્થ નથી પરંતુ તે દીશામાં કેટલીક સાધના કે આધ્યાત્મિક કસરત કર્યા પછી કદાચ તેવું શકય બને તેની એક અલ્પ સંભાવના છે પરંતુ તે ખુબ જ અઘરી અને બહુ દુરની વાત છે.મનુષ્ય દરેક માણસને ખરેખર તો એવું જ લાગતું હોય છે કે પોતે પોતાના જીવનનું આયોજન કરી રહ્યો છે. પોતે અમુક યોજનાઓ બનાવી રહ્યો છે અને તે યોજનાઓને સાકાર કરી રહ્યો છે. પોતે લગ્ન કરી રહ્યો છે માતા પિતા બની રહ્યો છે, વિધુર બની રહ્યો છે.. ચુંટણીઓ જીતી રહ્યો છે કે હારી રહ્યો છે.. અને એવું બીજું ઘણું બધું.. પણ એ બધું જ છત ઉપર ફરી રહેલા કે બંધ પડી જતા પેલા પંખાથી વિશેષ કંઈ નથી. જેમ જેમ પંખો ફરે ન ફરે, ઓછો ફરે વધારે ઝડપથી ફરે વગેરે તમામ બાબતો માટે પંખો તેની સ્વીચ અને રેગ્યુલેટર ઉપર આધાર રાખે છે. તેમ માણસે પણ પોતાનું રેગ્યુલેટર અથવા રીમોટ કંટ્રોલ બાહ્ય સંજોગોને કે વ્યક્તિઓને સોંપી દીધું છે. હવે તે એક યાંત્રીક પુતળા કે પછી પોતે એક યંત્ર સિવાય કંઈ જ વધારે નથી. વળી આટલું ઓછું હોય તેમ તે સતત એવી ભ્રમણામાં રહે છે કે બધું જ તે કરી રહ્યો છે અને તેનાથી જ બધું સંભવી રહ્યું છે. મનુષ્ય સંપૂર્ણપણે બાહ્ય સંજોગોનો અથવા તેના ઉપર પહેલેથી જ થોપી દેવાયેલી વિચારસરણીનો ગુલામ છે. પણ તેને આનો ખ્યાલ સુધ્ધાંય નથી. એટલા માટે હાલની સ્થિતિમાં કંઈપણ સુધારો કરવા માટે તેણે પહેલાં તો એમ માનવા તૈયાર રહેવું જોઈએ કે પોતે સંજોગો કે તેનાં મનમાં દાખલ કરાયેલી વિચારસરણીનો લગભગ સંપૂર્ણ ગુલામ છે. તે માનવું તેની સાધનાનું પ્રથમ પગથિયું છે. અને માણસ તેમ માનવા લાગે, તો તેની ખુબ મુશ્કેલ છતાં શકય એવી આધ્યાત્મિક પ્રગતીની પ્રાથમિક શરૂઆત થઈ ગઈ.. તેમ કહી શકાય.

**ડૉ. પ્રવિણ પટેલ**

## દહી

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

હાઈ બ્લડ પ્રેશરની સમસ્યાની ચિંતા ૩૧ ટકા ઓછી થઈ જાય છે.આ શોધ માટે વૈજ્ઞાનિકોએ ૨૫થી૫૫ વર્ષની ઉંમરની મહિલાઓની જોડે ૪૦થી ૭૫ વર્ષની ઉંમરનાં પુરૂષોનો પણ અભ્યાસ કરવામાં આવ્યો. અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાં કરાયેલ આ સંશોધનની મુખ્ય લેખક જસ્ટિન બ્યૂએનડિયાએ જણાવ્યું કે એમનાં અભ્યાસથી ખબર પડે છે કે ડેરી ઉત્પાદકો, વિશેષ રૂપમાં દહીંનું વધુ પડતું સેવન હાઈ બ્લડપ્રેશરનાં જોખમમાં ઘટાડો કરે છે કે જે હૃદયરોગ અને સ્ટ્રોકનાં વિકાસ માટે જોખમકારક છે.

# માતા-પિતાએ લીધેલા છૂટાછેડાની અસર બાળકોના ડિવોર્સ પર પડી શકે!!

આમ જોવા જઈએ તો લગ્ન અને છુટાછેડાએ વ્યકિતગત બાબત છે, પરંતુ તમારા લગ્નજીવનમાં છુટાછેડાની સંભાવના કેટલી છે એ તમારા પેરન્ટ્સના બિહેવિયર પરથી પણ કહી શકાય છે. મતલબ કે જો તમારા પેરન્ટ્સે ડિવોર્સ લીધા હોય તો તમારા પણ ડિવોર્સ થવાની સંભાવના વધે છે. કોઈ વિચારે કે છૂટાછેડા કંઈ જિનેટિકલ થોડા હોય? પણ વ્યકિતની સંબંધોમાં વર્તણૂક કેવી છે એ તો તેમના પેરન્ટ્સ તરફથી મળેલા જિનેટિકલ વારસા દ્વારા નક્કી થતું હોય છે અને એટલે જો પેરન્ટ્સના છૂટાછેડા થયા હોય તો સંતાનોના લગ્નજીવનમાં પણ ભંગાણ પડવાની સંભાવનાઓ વધે છે. અમેરિકાની વર્જિનિયા કોમનવેલ્થ યુનિવર્સિટીના નિષ્ણાતોનું માનવું છે કે ડિવોર્સએ પારિવારિક ધોરણે ાગળ વધતી બાબત છે સ્વીડનની લગ્ન-ડિવોર્સની રજિસ્ટ્રીનો ડેટા તપાસીને રિસર્ચરોએ તારવ્યું હતું કે ડિવોર્સની ફેમિલી-હિસ્ટરી ધરાવતાં યુગલો છૂટાં પડે એવી સંભાવનાઓ વધુ હતી. ડિવોર્સ એ સાઈકોલોજિકલ કન્ડિશનિંગ જેવું કામ કરે છે. પારિવારિક બેકગ્રાઉન્ડને કારણે સાઈકોલોજિકલ લાક્ષણિકતાઓની સાથે આ બાબત પણ જિનેટિક વારસામાં આવતી હોય છે.

# અઠવાડિયામાં એક કલાક કસરત કરવાથી ડિપ્રેશનની સમસ્યા થતી નથી

જો તમને આખું અઠવાડિયું ખાસ સમય ન મળતો હોય તો વીક-એન્ડમાં એકાદ કલાક કસરત કરવાનો સમય કાઢી લેજો. વજન ઉતારવા કે ફિઝિકલ હેલ્થ સુધારવા માટે કદાચ એકબે દિવસ કરેલી કસરતથી તમને ફાયદો નથી થાય, પણ જો વીકમાં એક કે બે દિવસ માટે તમે કુલ ૧ કલાક કે એથી વધુની કસરત કરવાનું મેનેજ કરી લેશો તો એનાથી તમારૂં માનસિક સ્વાસ્થ્ય સારૂં રહેશે. અમેરિકન જર્નલ ઓફ સાઈકિયાટ્રીમાં નોંધાયેલા અભ્યાસ મુજબ દરેક ઉંમરની વ્યકિતએ થોડીક માત્રામાં નિયમિતપણે એકસરસાઈઝ કરવી જ જોઈએ.

ભલે એનાથી ફિઝિકલ ફાયદા ન મળે, પણ તમે ડિપ્રેશનથી મુકત રહી શકશો. ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટી ઓફ ન્યુ સાઉથ વેલ્સ અને નોર્વેની બ્લેક ડોગ ઈન્સ્ટિટ્યૂટના નિષ્ણાતોએ ૩૩,૯૦૮ પુખ્ત સ્ત્રી-પૂરૂષોનો અભ્યાસ કરીને તારવ્યું છે કે થોડીક પણ ફિઝિકલ એકિટવિટી કરતા હોય એવા લોકોને લાંબા ગાળે ડિપ્રેશન અને એન્ઝાયટી થવાની સંભાવના ઘટે છે. રોજનું ૧૦ થી ૧૫ મિનિટની અથવા તો વીકમાં એક વાર એક કલાક માટે સારીએવી કસરત કરી લેવાથી શરીરમાં જે હોર્મોનલ ચેન્જ થાય છે એ માનસિક સ્વાસ્થ્યને કાબૂમાં રાખે છે. ૧૧ વર્ષના લાંબા અભ્યાસ પછી આ તારણ કાઢવામાં આવ્યું છે. હવે જો રોજ કસરત કરવાનો સમય ન મળતો હોય તો એટલીસ્ટ વીક-એન્ડમાં એક કલાક કસરત કરવાનું ટાળવા જેવું નથી.

# ઉંઘવાના સમયે બ્લડપ્રેશર સંબંધિત દવાઓ લેવાથી વધુ ફાયદો થાય છે : અભ્યાસ

તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ઉંઘવાના સમયે બ્લડપ્રેસર સાથે સંબંધિત દવાઓ લેવાથી વધુ ફાયદો મળે છે. હાઈપર ટેન્શનને અંકુશમાં લેવામાં ઉંઘતી વેળા દવા લેવાની બાબત વધારે ફાયદો કરી જાય છે. આ ઉપરાંત હાર્ટ અટેક અને સ્ટ્રોકના ખતરાને ઘટાડવામાં પણ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. તાજેતરમાં જ સ્પેનિશ અભ્યાસના તારણો અમેરિકન સોસાયટી ઓફ નેફ્રોલોજીમાં પ્રકાશિત થયા હતા.

અભ્યાસના ભાગરૂપે મોટી સંખ્યામાં લોકોને આવરી લેવામાં આવ્યા હતા. આમા જાણવા મળ્યું કે ઉંઘતી વેળા જે લોકો બ્લડપ્રેસર સાથે સંબંધિત દવાઓ લઈ રહ્યા છે તેમને ફાયદો થયો છે. અભ્યાસના ભાગરૂપે ક્રોનિક કિડનીની તકલીફ અને હાઈપર ટેન્શનથી ગ્રસ્ત લોકો પૈકીના અડધા લોકોએ ઉંઘતી વેળા બ્લડપ્રેસરની દવા લીધી હતી. જ્યારે ૬૬૧ દર્દીઓ પૈકીના અડધા દર્દીઓએ સવારમાં આ દવા લીધી હતી. ૪-૫ વર્ષના ગાળા બાદ ફરી તેમના પર પરિક્ષણ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું કે, જે લોકો ઉંઘતી વેળા આ દવા લઈ રહ્યા હતા તે લોકોને ફાયદો થયો છે અને તેમના બ્લડપ્રેસરને અંકુશમાં લેવામાં તેઓ સફળ રહ્યા છે અને હાર્ટ અટેલ અને સ્ટ્રોક જેવા હુમલાઓના ખતરાને પણ ઘટાડી શક્યા છે.

અભ્યાસમાં જાણવા મળ્યું કે, રાત્રે ઉંઘતી વેળા બ્લડપ્રેશરને ઘટાડતી દવા લેનાર લોકોને ફાયદો થયો છે. આવા લોકોને જુદા જુદા રોગ થવાનો ખતરો સવારમાં તમામ દવાઓ લેતા દર્દીઓ કરતા એક તૃતિયાંશ ઓછો છે. અભ્યાસના તારણો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

રાત્રે દવા લેનાર લોકો ઉંઘતી વેળા બ્લડ પ્રેશરને સરેરાશ ઘટાડવામાં પણ સફળ રહ્યા છે. સ્પેનિશ અભ્યાસના તારણોને અમેરિકી જનરલમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ આમા વધુ અભ્યાસની પ્રવૃતિ હવે હાથ ધરવામાં આવશે. વ્યાપક અભ્યાસ બાદ તારણ જારી કરવામાં આવ્યા હતા. જે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

**★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.**

**★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.**

**કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.**

**★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.**

**જન્મદિન મુબારક**

**નામ :........................ પતિ/પિતા :........................**
**માતા : ........................જ.તા. .................ઉ.વ.**
**પરિચય: .................................................................**
**સરનામુ : ...............................................................**
**મોકલનારની સહી : ..................................................**

## મોદીનો જવાબ...

**પાના નં .૧ ચાલુ**

એક મેડિકલ કોલેજ સ્થાપિત થાય તેવું આયોજન નવી સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. ઉત્તર પ્રોફેસર માટે આ વર્ષે પોસ્ટ ગ્રેજ્યુએશનની ૬૦૦૦ બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. શર્મિષ્ઠા તળાવ વડનગરના આત્મા તરીકે છે તેના ઉપર હેંગિંગ બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. મોદીના હસ્તે વડનગર મેડિકલ કોલેજ, હિંમતનગર હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આઈએમ ટેકો એપ્લિકેશન અને ટેબલેટનું ફિમેલ હેલ્થવર્કર્સને વિતરણ કરવાના કાર્યક્રમ પણ યોજાયા હતા. વડાપ્રધાન બન્યા પછી પ્રથમ માદરે વતન વડનગર પહોંચ્યા બાદ મોદીએ વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરી મોદીએ કહ્યું હતું કે, વડનગર વાસીઓએ તેમને અપાર પ્રેમ આપ્યો છે. માથું ઝુકાવીને તેમને અને વડનગરની ધરતીને નમન કરું છું. વતનની નવી ઉર્જા લઈને પહેલા કરતા પણ વધુ મહેનત, વધુ પુરુષાર્થ કરીને દેશના વિકાસ માટે કોઈ કમી ન રાખવાની ખાતરી ઉપસ્થિત લોકોને મોદીએ આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, પુરાતત્વીય ઐતિહાસિક નગરી એક વિરાસત તરીકે છે. વાજપેયીના શાસનકાળ બાદ ૧૫ વર્ષ પછી કેન્દ્ર સરકારે હેલ્થ પોલિસી બનાવી છે. વડનગર ખાતે મેડિકલ કોલેજના લોકાર્પણ પ્રસંગે તેમણે આ મુજબની વાત કરી હતી. મેડિકલ કોલેજના ઉત્તમ ડોક્ટરો તૈયાર કરવા ઉત્તમ પ્રોફેસરની પણ જરૂર પડે છે. મેડિકલ કોલેજમાં શ્રેષ્ઠ પ્રોફેસરો ઉપલબ્ધ બને તે માટે પોસ્ટ ગ્રેજ્યુએશન બેઠકોમાં ૬૦૦૦નો વધારો કરીને દેશની મેડિકલ કોલેજોને શ્રેષ્ઠ પ્રોફેસરો આપવાનો પ્રયાસ આ સરકારે કર્યો છે. ૫૦૦ કરોડના ખર્ચે તૈયાર મેડિકલ કોલેજ તથા હિંમતનગર હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યા બાદ તેમણે કહ્યું હતું કે, આરોગ્યની ગેરંટી માટે સ્વચ્છતા જરૂરી છે. સ્વચ્છતા અભિયાનમાં ગુજરાતે જનઆંદોલન દ્વારા ખુલ્લામાં શૌચમુક્તિના શ્રેષ્ઠ પરિણામો હાસલ કર્યા છે. રસીકરણના અગત્યના કાર્યક્રમો પહેલા સરકારી ઢબે ચાલતા હતા પરંતુ હવે આમા ચિત્ર બદલાઈ ગયું છે. આ ઓરોગ્ય અભિયાનને પોતાના કાર્યક્રમ તરીકે લોકો સ્વિકારી ચુક્યા છે. મોદીએ કહ્યું હતું કે, દેશના તબીબોને તેઓ કહેવા માંગે છે કે, દર માસની નવમી તારીખે ગરીબ પ્રસુતા માતાઓને ફ્રી સેવા આપીને ૮૫ લાખ મહિલાઓને મફત દવા અને તબીબી સારવાર આપી છે. છેલ્લા ત્રણ વર્ષમાં આના લીધે માતા અને બાળકોના મૃત્યુદરમાં ઘટાડો થયો છે. મોદીના હસ્તે બાળકને રસીકરણનો ડોઝ પીવડાવીને મિશન ઈન્દ્રધનુષની શરૂઆત કરવામાં આવી હતી. ઈન્દ્રધનુષ અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, સરકાર બાળકોને શોધી શોધીને વંચિત રહી ગયેલાઓને રસી આપશે. છેલ્લા ૧૦ વર્ષમાં એવી સરકાર હતી જેને વિકાસને લઈને નફરત હતી. અટલ બિહારી વાજપેયીની સરકાર આવ્યા બાદ હેલ્થ પોલિસી બનાવવામાં આવી હતી. ત્યારબાદ ૧૦ વર્ષ સુધી એવી સરકાર આવી હતી જે બિલકુલ નિષ્ક્રિય હતી. આજ કારણસર નવી હેલ્થ પોલિસી બનાવવાની ફરજ પડી છે. અમારા દેશમાં હાર્ટ સાથે સંબંધિત રોગના દર્દીઓને પહેલા સ્ટેન લગાવવાની પ્રક્રિયામાં ખુબ મુશ્કેલી નડતી હતી. ખુબ મોંઘી કિંમતો હતી. સામાન્ય લોકો આને ખરીદવાની સ્થિતિમાં ન હતા. દવાઓ પહેલા લોકોને મળતી ન હતી પરંતુ આજે લોકોને અને ખાસ કરીને ગરીબોને આરોગ્યની સુવિધા મફતમાં મળી રહી છે. મોદીએ કહ્યું હતું કે, દેશના લાકો તબીબોને તેઓએ એક અપીલ કરી હતી જેમાં નવમી તારીખના દિવસે દવા અને ચેકઅપ મફત કરવાની વાત કરી હતી. છેલ્લા એક વર્ષના ગાળામાં ૮૦થી ૮૫ લાખ સગર્ભા મહિલાઓ અને બાળકોને તબીબોએ મફતમાં દવાઓ આપી છે અને ચકાસણી પણ કરી છે. આરોગ્ય સ્વચ્છતાની ગેરંટી હોવાની વાત કરી હતી.

## આજે કેન્દ્રીય...

**પાના નં .૧ ચાલુ**

મહાનિર્દેશ દિલીપ શર્મા, મહાનિર્દેશક ધીરેન્દ્ર ઓઝા, નિખીલ કુમાર, નિયામ અગ્ર સચિવ વિરેન્દ્ર કુમાર અને ઈવીએમ કન્સલ્ટન્ટ વિપિન કટારા તેમજ અન્ય સીનિયર અધિકારીઓ ગુજરાત આવશે. સર્કિટ હાઉસ એનેક્ષી અમદાવાદ ખાતે આવતીકાલે સવારે ૧૧.૦૦ વાગે રાજકીય પક્ષો સાથે બેઠક કરીને ચૂંટણી પંચ તેમની કામગીરીની શરૂઆત કરશે. ચૂંટણી પંચ માનનીય રાજકીય પક્ષો પાસેથી સૂચનો મેળવશે. આ રચનાત્મક સુચનો રાજયમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે મદદરુપ બનશે. ત્યારબાદ ચૂંટણી પંચની ટીમ મહાત્મા મંદિર ગાંધીનગરમાં બપોરે ૨.૩૦ કલાકે રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને અન્ય સંબંધિતો સાથે વાતચીત કરશે. જેમાં ચૂંટણી લક્ષી તૈયારીઓની સમીક્ષા કરાશે. ચૂંટણી પંચની મુલાકાતના બીજા દિવસે મંગળવારે ૧૦મીના રોજ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી ખર્ચ વ્યવસ્થાપન અને કાયદો અને વ્યવસ્થા માટેના રાજ્યના નોડલ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરશે. ત્યારબાદ બપોરે ૧૨.૩૦ કલાકે રાજ્ય મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ (ગૃહ), રાજ્ય પોલીસ વડા સાથે અગત્યની બેઠક યોજીને કાયદો વ્યવસ્થા સહિત અન્ય પાસાઓની જાણકારી મેળવશે.

## સુરતથી બિહાર...

**પાના નં .૧ ચાલુ**

તેમણે કહ્યું હતું કે, યુરિયામાં નિમકોટિંગ કરવાથી ખેડૂતોને ફાયદો થયો છે અને યુરિયાની ચોરી રોકાઈ ગઈ છે. અગાઉની સરકારે ૩૦ ટકા યુરિયામાં નિમકોટિંગ કરવાની વ્યવસ્થા કરી હતી. અમે ૧૦૦ ટકા વ્યવસ્થા કરી ચુક્યા છે. આનો બીજો ઉપયોગ બંધ થઈ ગયો છે. તેમણે દાવા સાથે કહ્યું હતું કે, માત્ર ભરુચમાં જ ખેડૂતોને ૪૦ કરોડથી વધુની આવક થઈ ચુકી છે. દેશમાં લુટ ચલાવનાર લોકો હવે મોદીની સામે કાવાદાવા રચી રહ્યા છે પરંતુ ઈમાનદારીને તેઓ કોઈ કિંમતે હરાવી શકશે નહીં. મોદીએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, યુપીના મુખ્યમંત્રી આદિત્યનાથે તેમના કહેવા ઉપર પશુ આરોગ્ય મેળા અંગે માહિતી મેળવવા માટે એક ટીમ ગુજરાતમાં મોકલી ચુક્યા છે. ત્યારબાદ તેઓએ વારાણસીમાં પણ પ્રથમ વખત પશુ આરોગ્ય મેળાનું આયોજન કર્યું છે.

## હિમાચલ પ્રદેશમાં ...

**પાના નં .૧ ચાલુ**

મેડીકલ કોલેજની બાબતમાં અહેમદ પટેલે હિમાચલ પ્રદેશમાં રાજય સરકારે પાંચ વર્ષમાં ૧૨ મેડીકલ કોલેજ ઉભી કરી છે. તેના કરતા ગુજરાત પાછળ છે. તેનો જવાબ આપતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતુ કે અમે અત્યારે જ વડનગર ખાતે ૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલી મેડીકલ કોલેજનું ઉદઘાટન કરીને આવ્યા છીએ. ૧૯૯૫ સુધી કોંગ્રેસના શાસનમાં ગુજરાતમાં મેડીકલની ૮૦૦ સીટો હતી તે અમે વધારીને ૪૦૦૦ સીટ કરી છે. હજુ કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં મેડીકલ કોલેજ ખોલવાનું અમારું આયોજન છે. તેમને કહ્યું હતું કે કોંગ્રેસના શાસનમાં ૭ યુનિવર્સિટી હતી. આજે ૫૭ યુનિવર્સિટી છે. તેમાં કેટલીક યુનિવર્સિટી ખાસ છે. જેમાં ફોરેન્સિક યુનિવર્સિટી જેવી અનેક યુનિવર્સિટીઓ છે. તેમને જણાવ્યું હતું કે એવું જુઠાણું ફેલવવામાં આવી રહ્યું છે કે ગુજરાતમાં ૧૩,૦૦૦ સ્કૂલો બંધ થઈ ગઈ છે. જ્યારે વાસ્તવિકતાએ છેકે અમે ૪૦૦૦ નવી સ્કૂલો ઉભી કરી છે.

તેમને જણાવ્યું હતું કે કેન્દ્રમાં ગુજરાતના વડાપ્રધાન છે એટલે કે મોસાળમાં મા પિરસનાર છે તેથી ગુજરાત માટે સારા દિવસો છે.

તેમને કોંગ્રેસના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના એ વાક્યને યાદ કરાવ્યું હતું કે હું દિલ્હીથી એક રૂપિયો મોકલું છું. ત્યારે નીચે ફકત ૧૫ પૈસા પહોચે છે. તેની સામે હાલના વડાપ્રધાન નરેનદ્રભાઈ મોદી કહે છે કે હું એક રૂપિયો મોકલું છું, પરંતુ કાર્ય સવા રૂપિયાનું થવું જોઈએ. તેમને વડાપ્રધાન દ્વારા બે દિવસમાં થયેલા ૧૨૦૦૦ કરોડના વિકાસના કામોના ખાત મૂર્હૂત અને ઉદઘાટન બદલ આભાર માન્યો હતો.

## પાલનપુર ડિવિઝનની ...

**પાના નં .૧ ચાલુ**

વાહનોનો સહારો લેવો પડ્યો હતો. ત્યારે કેટલાક ખાનગી વાહન ચાલકોએ મોકાનો લાભ ઉઠાવતા મુસાફરો સાથે ઉઘાડી લૂંટ ચલાવી હોવાનું પણ કરશનભાઈ મકવાણાએ જણાવ્યું હતું.

હાલમાં પરીક્ષાઓ ચાલી રહી છે. ત્યારે પાલનપુર એસ.ટી. વિભાગે ૧૦૦ જેટલી બસ પી.એમ.ના કાર્યક્રમ માટે ફાળવી દેતા ગામડા ઓમાંથી અભ્યાસ અર્થે અપડાઉન કરતા વિધાર્થીઓને પણ ભારે હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો હતો. કેટલાક છાત્રોને તો પરીક્ષાનો સમય સાચવવામાં પણ સમય-શક્તિ અને વધારે નાંણા ખર્ચવા પડ્યા હોવાનું પીકલ દેસાઈ નામની છાત્રાએ જણાવ્યું હતું. આમ, પી.એમ.ના કાર્યક્રમને લઈને પરિવહન સેવા ખોરવાતા મુસાફરોએ તંત્ર સામે કચવાટની લાગણી વ્યક્તિ કરી હતી.

## કાંકરેજ તાલુકાના...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તા.૭/૧૦/૨૦૧૭ ના રોજ દાખલ કરાયા હતા જ્યાં સ્વાઈન ફલુ પોઝીટીવ રીપોર્ટ આવતા તેઓ અમદાવાદ ખાતે સારવાર હેઠળ છે પરંતુ સ્વાઈન ફલુના પ્રોઝીટીવ રીર્પોટ આવતા તેમના પરિવાર તથા સગા-સંબધીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

## દાંતા વનવિભાગ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આયોજન કરવામાં આવેલ. દાંતા પૂર્વે રેન્જના આર.એફ.ઓ. એસ.કે.પટેલ તથા ફોરેસ્ટ સ્ટાફની ઉપસ્થિતિમાં વન્ય જીવ સંરક્ષણ અંગેની માહિતી ગામ લોકોને આપવામાં આવેલ. તેમજ ફોરેસ્ટ ગાર્ડે કુ.લીલાબેન તેમજ કુ.માંગીબેન દ્વારા મહિલાઓ સાથેની મીટીંગમાં તેઓને વન્ય જીવ સંરક્ષણ અંગેની માહિતી આપવામાં આવેલ. કાર્યક્રમ સંચાલન ફોરેસ્ટ ગાર્ડ ડી.એમ. પ્રજાપતિ વી.આર.ચોહાણ, એચ.સી. હડિયોલ તથા એમ.આઈ. ચૌધરી દ્વારા કરવામાં આવેલ.

## સુરત કતાર ...

**પાના નં .૧ ચાલુ**

મંડળ, લાઈફ મિશન વગેરે સંસ્થાઓના પ્રતિનિધિઓએ સુરત શેઠ એસ.પી. શાહની શુભેચ્છા મુલાકાત લઈ હોસ્પિટલ સહિત વિવિધ પ્રકારની સેવાની સુવિધાઓની જાણકારી મેળવી હતી. જિલ્લા તલાટી મંડળના પ્રમુખ કિરણભાઈ ડી. વડગામા, ગીરીશભાઈ અગ્રવાલ, મહોતભાઈ પટેલ વગેરે ગ્રામજનોને વિનસ હોસ્પિટલના ટ્રસ્ટી સંજયભાઈ સી. રાવલે આવકાર્યા હતા.

# ડીસામાં માળી સમાજ દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો


ભરત સુંદેશા

ડીસા

ડીસા માળી સમાજ દ્વારા ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ આયોજન કરવામાં આવ્યું છે. જેમો સમાજના નામાંકિત ડોક્ટરો ઉપસ્થિત રહ્યા, ડૉ. ભાસ્કરભાઈ ચાવડા (બરોડા), ડૉ. પ્રતિકભાઈ રામી (શેલ્બી હોસ્પિટલ, અમદાવાદ), ડીસાના ડૉ. ભરતભાઈ કચ્છવા, ડૉ.પરેશભાઈ સોલંકી, ડૉ. રાહુલભાઈ ચૌહાણ અને ડૉ. રાહુલભાઈ પઢીયાર તથા સમાજ ના ઈન્ટર્ન ડૉક્ટર પણ હાજર રહી પોતાની સેવા આપી, પ્રકાશભાઈ તથા રાધે ક્રિષ્ના હોસ્પિટલ નો સ્ટાફે પણ પોતાની સેવા આપી

ડીસા નગરપાલિકા પ્રમુખ શ્રી પ્રવીણભાઈ માળી, ઉન્મેષ જ્ઞાન વિજ્ઞાન વિચાર સંગઠન, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને એલ એચ માળી વિદ્યા સંકુલ ના પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ પઢીયાર અને માળી સમાજ ના આગેવાનો હાજર રહ્યા હતા.આ કેમ્પ માં કુલ રજીસ્ટ્રેશન ૫૨૫ લોકોને સેવાનો લાભ દીધો હતો.

ડીસા ખાતે આવેલ જી.જી વિદ્યા સંકુલ, કાંટ રોડ, ડીસા ખાતે રાખવામાં આવેલ. આ કેમ્પમાં ભરતભાઈ ગેલોત, જયંતીભાઈ સોલંકી, મહેશભાઈ માળી, રાણાભાઈ માળી, મુકેશભાઈ પી. પઢીયાર, ભરતભાઈ સોલંકી, મફતલાલ (દાદા) નવીનભાઈ ગોરધનજી માળી, ભાવેશભાઈ ગલોત, વિપુલભાઈ, યોગેશભાઈ માળી અમદાવાદ, હિતેષભાઈ પરમાર, ભાવેશ સોલંકી, રાજેન્દ્ર માળી વગેર એ જહેમત ઉઠાવી હતી

# વડગામના નિઝામપુરા ગામે હવન યોજાયો



વડગામના નિઝામપુરા ગામે આવેલ શ્રી ચેહર માતાજી મંદિરે ગતરોજ હવન યોજાયો હતો. જેમાં માતાજીના ભક્તોને ભોજન પ્રસાદી પીરસવામાં આવી હતી. (પુષ્કર ગોસ્વામી)

# રાધનપુરમાં હિન્દુસમાજ દ્વારા ચિંતન બેઠક



ચાણસમા

તાજેતરમાં વારાહીમાં હિન્દુ યુવાનો પર લઘુમતી સમાજ દ્વારા થયેલ નીદનીય હુમલા અનુસંધાને શ્રી નિજાનંદબાપુની ઉપસ્થતિમાં રાધનપુર ગાયત્રી મંદિરમાં સમસ્ત હિન્દુ સમાજ દ્વારા ચિંતન બેઠકનુ આયોજન કરેલ ..આ બેઠકમાં ગુજરાતના કચ્છ ,પાટણ,ચોરાડ,વાવ ભાભર,થરાદ.સમી,હારિજ,મહેસાણા તથા સ્થાનિક હિન્દુસમાજ સમાજના લોકો ખૂબજ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા.

# રાધનપુરમાં આગમાં સો પૂળા બળીને ખાખ




રાધનપુર

રાધનપુર શહેરમાં રવિધામથી ભારવાડવાસ તરફ જવાના રસ્તા ઉપર આવેલા રાજુભાઈ દેવીપૂજકના ખેતરમાં અગમ્ય કારણોસરઆગ લાગતા ખેતરમાં પડેલા સો જેટલા પૂળા બળીને ખાખ થઇ ગયા હતા,આ ઉપરાંત સો મીટર જેટલી વાડ પણ બળી જવા પામીહતી, આગ લગતા આજુ-બાજુના લોકો દોડી આવ્યા હતા અને આગ બુજાવી હતી,જો કે નગરપાલિકાનું ફાયરફાઈટર પણ આવીપહોંચતા આગ કાબુમાં આવી ગયી હતી,આગ કેવી રીતે લાગી તેનું કારણ જાણી શકાયું નહતું.

# બી.એડ.ના પ્રવેશ માટે ફોર્મ ભરેલ છતાં વિદ્યાર્થીઓને પ્રવેશ ન મળતાં આવેદનપત્ર આપ્યું



પાટણ

હેમ.ઉ.ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માં બી.એડ. સેમ-૧ માં પ્રવેશ મેળવવા યુનિવર્સિટીની ત્રણ વખત પ્રવેશ જાહેરાત આપી અને ત્રણ પ્રવેશ ફોર્મ ભરવામાં આવેલ. છતાં પ્રવેશ મળેલ નથી. આમ ઘણી કોલેજોમાં જગ્યાઓ ખાલી હોવા છતાં વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા છે.

આમ ગુજરાત સરકાર કન્યા કેળવણીની વાતો કરે છે, જ્યારે આ યુનિવર્સિટીની અવળી નીતિના પરિણામે વિદ્યાર્થીઓને હેરાન કરવામાં આવતા બી.એડના વિદ્યાર્થીઓએ ઉ.ગુ.યુનિ.ના કુલપતિને આવેદનપત્ર આપ્યું છે. જો યોગ્ય કરવામાં નહિં આવે તો ગુજરાત સરકાર સમક્ષ રજુઆત કરી રાજ્યપાલના રાજભવનમાં દેખાવ કરી વાલીઓ સાથે આમરણાંત ઉપવાસ પર ઉતરવાની વિદ્યાર્થીઓએ ચિમકી આપી છે.

# રાધનપુરમાં ઠાકોર સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું




રાધનપુર

રાધનપુરમાં શ્રી સદારામ સમાજ સેવા મંડળ દ્વારા રાધનપુર,સાંતલપુર,સુઈગામ અને વાવ વિસ્તારના ક્ષત્રિય ઠાકોર સમાજનાતેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ રવિવારે ઠાકોર સમાજ છાત્રાલય ખાતે યોજાઈ ગયો, જેમાં ૭૫ વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રેનોકરી મેળવનાર ૨૩ તારલાઓનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.સમારોહમાં ઉપસ્થિત અગ્રણીઓએ ઠાકોર સમાજમાંવ્યસનમુક્ત બનીને શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ સાધવા આહવાન કર્યું હતું,અને સમાજના સંગઠનને મજબૂત બનાવવા ઉપર ભાર મુક્યો હતો.શ્રી સદારામ સમાજ સેવા મંડળના પ્રમુખ માવજીભાઈ રાઠોડ, સદસ્યો ખુમાજી ઠાકોર,મનસુખજી ઠાકોર,બળવંતજી ઠાકોર,સોનાજીઠાકોર તેમજ યુવાનોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# વિધાનસભાની ચૂંટણી પાટણ, ચાણસ્મા, રાધનપુર અને સિધ્ધપુરની બેઠકો માટે કવાયત શરૂ

ચાણસ્મા

આગામી વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર -૨૦૧૭ માં યોજવા માટેની સંપૂર્ણ તૈયારી ચૂંટણીપંચ દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે.અને ૧૫ ઓકટોબર પછી તુરત જ ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાના સંકેત કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા અપાયા છે ત્યારે પાટણ જિલ્લામાં સમવિષ્ટ વિધાનસભાની ચાણસ્મા, પાટણ,રાધનપુર અને સિધ્ધપુર બેઠકો માટે બંને મુખ્ય રાજકીય પક્ષ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારના નામને આખરી ઓપ આપવા માટે જોરશોરથી તૈયારીઓ શરૂ કરવામાં આવતાં રાજકીય વાતાવરણમાં ગરમાવો આવી ગયો છે.

વર્ષ - ૨૦૧૨ માં પાટણ જિલ્લાની વિધાનસભાની બેઠકમાં ચાણસ્મા, પાટણ અને રાધનપુર બેઠક ઉપર ભાજપના ઉમેદવાર વિજેતા બન્યા હતા. જ્યારે સિધ્ધપુરની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર બલવંતસિંહ રાજપૂત વિજેતા થયા હતા, પરંતુ પાછળથી તેઓએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાવાની જાહેરાત સાથે રાજયસભાની ચૂંટણીમાં ઝંપલાવતા તેમનો કરમો પરાજય થયો હતો. આ વખતની વિધાનસભાની ચૂંટણી પૂર્વ રાજયમાં મોંધવારી ભાવવધારો, ખેડૂતોને પોષણક્ષમ ભાવોન મળવા, સિંચાઈ માટે અપૂરતી વીજળી, પાટીદાર અનામત આંદોલન, ક્ષત્રિય- ઠાકોર સેનાનું આંદોલન તેમજ દલિત સમાજના આંદોલન સહિતના સળગતા પ્રશ્નોના કારણે આ વખતે ભાજપપક્ષને નુકસાન વેઠવાનો વારો આવે તેવી પૂરેપૂરી શક્યતા જોવાઈ રહી છે.

સિધ્ધપુર વિધાનસભા મત વિસ્તારમાં બલવંતસિંહના રાજીનામાને પગલે કોંગ્રેસ પક્ષ દ્વારા આ વિસ્તારના ઠાકોર મતદારોના પ્રભુત્વને ધ્યાને લેતા અહીથી પક્ષ દ્વારા માજી સાંસદ જગદીશ ઠાકોરને મેદાનમાં ઉતારવાનું નક્કી કરાયું હોવાનું આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું જો કે અન્ય ત્રણથી ચાર આગેવાનોના નામ પણ ચર્ચામાં ચાલી રહ્યા છે. જ્યારે સામે ભાજપ પક્ષ દ્વારા ભૂતપૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસના માથે ટિકિટનો કળશ ઢોળવામાં આવે તેમ જણાય છે. જો આમ થાય તો બંને હરીફ પક્ષ વચ્ચે કાંટાની ટક્કર જામશે તેમ જણાય છે.

પાટણની બેઠક માટે કોંગ્રેસ પક્ષ પાસે અહીના પાસ દ્વારા ટિકિટની માંગણી કરાઈ છે. અને આ સીટ ઉપર લેઉવા પાટીદાર સમાજના મોટાપાંચ ગામોમાં સૌથી વધુ મતદારો હોવાને લીધે પાસ કન્વીનર ડો.કિરીટભાઈ પટેલનું નામ સૌથી મોખરે ચાલી રહ્યું છે. તો ભાજપ પક્ષ તરફથી વર્તમાન ધારાસભ્ય અને સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈને રિપિટ કરવાની વિચારણા ચાલી રહી છે. પરંતુ ડો.કિરિટ પટેલની સામે આજ સમાજમાંથી પાટણ જિલ્લા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ મોહનભાઈ પટેલને મેદાનમાં ઉતારવાની ગણતરી મૂકાઈ રહી છે.

રાધનપુર વિધાનસભા બેઠક ઉપર ભાજપના વર્તમાન ધારાસભ્ય નાગરજી ઠાકોરે પાંચ વર્ષના સમયગાળા દરમિયાન અતીપછાત રાધનપુર, સાંતલપુર વિસ્તારમાં કોઈ નોંધપાત્ર કામગીરી કરી નથી. તેમજ તેઓ નિષ્ક્રિય ધારાસભ્યની છાપ ધરાવતા હોઈ તેમની પસંદગી આ બેઠક માટે નહી કરાય તેમ સ્પષ્ટ છે અને આ બેઠક જાળવી રાખવા હાલના કેબિનેટ મંત્રી દીલીપભાઈ ઠાકોરને ચાણસ્માથી રાધનપુર બેઠક ઉપર ચૂંટણી લડવા ખાનગીમાં પક્ષ દ્વારા જણાવી દેવામાં આવ્યું છે. જો કે દિલીપભાઈ ઠાકોર પોતાનો મત વિસ્તાર બદલી રાધનપુરમાં ચૂંટણી લડવા રાજી નથી.ચાણસ્માની વિધાનસભા બેઠકમાં ઠાકોર અને પટેલ મતોનું પ્રભુત્વ રહેલું છે. કોંગ્રેસ પક્ષ દ્વારા આ બેઠક ઉપર ઠાકોરને ટિકિટ ફળવવામાં આવે તો ચેહુજી ઠાકોરની પસંદગી થાય તેમ જણાય છે. રબારી સમાજમાંથી ૩ થી ૪ દાવેદારો હાલમાં છે. પરંતુ મત બેઠકને ધ્યાનમાં રાખતા બહારથી ઉમેદવારની પસંદગી સામે અત્યારથી જ વિરોધ થઈ રહ્યો છે. જો પાટીદારને આ બેઠક આપવામાં આવે તો ચાણસ્મા શહેરના રાજુલ પટેલ, અને બાલકૃષ્ણ પટેલના નામે મુખ્ય ચર્ચામાં છે. જ્યારે ભાજપ તરફથી દિલીપભાઈ ઠાકોર મત વિસ્તારના બદલે તો રિપિટ થાય તેમ છે.

# હારીજ ખાતે ૧૩૮ લાખના ખર્ચે તૈયાર થયેલ નવનિર્મિત તાલુકા પંચાયત ભવનનું લોકાર્પણ



પાટણ

પાટણ જિલ્લાના હારીજ તાલુકા મથકે રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે તાલુકા પંચાયત ભવનના નવીન મકાનને રીબીન કાપી જનતાની સુખાકારી માટે અર્પણ કર્યું હતું. હારીજ તાલુકા પંચાયતનું મકાન ખુબ જ જૂનું અને જીર્ણ હતું. જેથી નવા મકાનની જરૂરીયાત ઉભીથતાં ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રૂ. ૧૩૮ લાખના ખર્ચે નવીન તાલુકા પંચાયતભવન બનાવવામાં આવ્યું. જેનો હારીજ તાલુકાના ૪૫ ગામોને લાભ મળશે.હારીજ તાલુકાના ગ્રામજનો માટે રૂ. ૧૩૮ લાખના ખર્ચે તૈયાર થયેલ નવીન તાલુકા પંચાયત ભવન નિર્માણ થયેલ છે. હારીજ તાલુકાના વિકાસમાં નવીન ભવનનો ઉમેરો થયો છે. રાજ્ય સરકારે દરેક ક્ષેત્રે વિકાસના કાર્યો કર્યા છે. રસ્તા, રોડ, આરોગ્ય, શિક્ષણ, ખેતી, પશુપાલન સહિત સરકારી મકાન જેવી ભૌતિક સુખ સગવડોના કામો કરી વિકાસનાં અજવાળાં પાથર્યા છે.

આ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે સાયન્સ કોલેજ મંજુર કરવામાં આવી છે. શંખેશ્વર-સમી અને હારીજને જોડતા રસ્તાને પહોળો કરી ફોરલેન બનાવવાનીમંજૂરી મળી છે. શિક્ષણ માટે આઇ.ટી. આઇ. અને મોર્ડન સ્કુલના મકાનો બનાવવામાં આવ્યા છે. આવિસ્તારના વિકાસને આગળ વધારવા પીવાના પાણીની પાઈપલાઇન અને સંપની કામગીરી, તળાવો ઉંડાકરવાની કામગીરી, નવા આરોગ્ય કેન્દ્રો, પશુ દવાખાના મંજુર કરવામાં આવ્યા છે. ૧૨ જેટલી પશુ શિબિરોયોજી પશુપાલકોને માર્ગદર્શન આપવામાં આવ્યું. ૭૪ જેટલા આંગણવાડીના નવીન મકાનો બનાવવામાં આવ્યા છે. પ્રાથમિક શાળાના ઓરડાઓ, માધ્યમિક શાળા, નવીન બસ સ્ટેશન, ગટર લાઇનના કામો,આર.સી.સી.ના રોડના કામો મંજુર કરવામાં આવેલ છે. ૬૨ સેવા સેતુ કાર્યક્રમ યોજી ૧,૦૩૦૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. વીજળી બચાવવા એલ.ઇ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવ્યું.

શાળાઓને રમત ગમતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું. વરસાદી પાણીથી બચવા સંરક્ષણ દિવાલોબનાવવામાં આવી. સમી-હારીજ તાલુકાને જીઆઈડીસી મળે તે માટે પુરતા પ્રયાસો કરવામાં આવ્યા છે.

# સાબરકાંઠામાં ભાજપ ચુંટણીમાં વ્યસ્થ કેન્દ્રીય મંત્રી પી.પી.ચૌધરી એ કાર્યકરોને માર્ગદર્શન આપેલ




હિંમતનગર

ભારતીય જનતા પાર્ટી ૧૫૦+ વિધાનસભાની સીટો જીતવા માટે પુરજોશમાં તૈયારીમાં લાગેલ છે. આજરોજ હિંમતનગર ખાતે

કેન્દ્રીય કોર્પોરેટર્સ અફેર્સ અને કાયદા અને ન્યાયરાજયમંત્રી પી.પી. ચૌધરીએ અપેક્ષીત કાર્યકરોને માર્ગદર્શન આપેલ જેમાં બુથ, પેઝપ્રમુખથી માંડી જીલ્લા સંગઠનની સંગઠનને લગતી માહિતી મેળવી માર્ગદર્શન આપેલ તેમજ આગામી ચુંટણીમાં કાર્યકરોએ કેવી રીતે કામગીરી કરવી તે અંગે પણ માહીતી આપી હતી. આ

પ્રસંગે તેમણે રાજયમાં ચાલતી વિવિધ વિસ્તારોમાં ગૌરવયાત્રા અંગે પણ માહિતી મેળવી હતી.બેઠકમાં જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલે સ્વાગત પ્રવચન કરી જીલ્લામાં સંગઠનને લગતીકામગીરીની વિસ્તૃત માહિતી કેન્દ્રીય મંત્રી પી.પી.ચૌધરીને આપેલ.

બેઠકનું સંચાલન જીલ્લા મહામંત્રી હીતેશભાઈ પટેલે કરેલ. આ પ્રસંગે પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, કૈશલ્યા કુંવરબા પરમાર, જીલ્લા પંચાયતના વિપક્ષના નેતા મહેન્દ્રસિંહ રહેવર, સહીત અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીયમંત્રીનું ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા તથા સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલે પણ સ્વાગત કર્યુ હતું.

# મહેસાણા જિલ્લામાં ત્રણ માસમાં ૨૭ સગીરા ગુમ

મહેસાણા

મહેસાણા જિલ્લામાં સગીરાઓ ગુમ થવાના બનાવોમાં દિન પ્રતિદિન વધારો નોંધાઈ રહ્યો છે અને સગીરાના પરિજનો સહિત સમાજ ચિંતિત બન્યો છે.

મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ માસમાં ૨૭ જેટલી સગીરા ગુમ થયાના બનાવો પોલીસ ચોપડે નોંધાવા પામતા જિલ્લાભરમાં ચકચાર મચી જવા પામી છે. ત્રણ માસમાં સૌથી વધુ જુલાઈ માસ દરમિયાન બાર જેટલી સગીરાઓ ગુમ થયેલ છે. જિલ્લામાં ઈન્ટરનેટ, મોબાઈલ જેવા માધ્યમોથી યુવાધન અવળા રવાડે ચડી જવા પામ્યું છે અને ટેકનોલોજીનો દિન પ્રતિદિન ઉપયોગની જગ્યાએ દુરપયોગ વધી રહ્યો છે. અને તેની અસર બાળકો પર પડી રહી છે અને પુખ્ત વયના અને તે પૂર્વે જ સગીર અવસ્થામાં જ વિજાતીય આકર્ષણ વધ્યું છે. તેથી સગીર અવસ્થામાં જ લગ્નની લાલચે સગીરાઓના અપહરણ કે ભગાડી જવાના બનાવો વધ્યા છે, મહેસાણા જિલ્લામાં આ પ્રકારની ઘટનાઓમાં વધારો થયેલ છે. જેમાં જુલાઈથી સપ્ટેમ્બર સુધી ત્રણ માસ દરમિયાન ૨૭ જેટલી સગીરાને લગ્નની લાલચે અપહરણ કે ભગાડી જવાના બનાવો બન્યા હતા. સૌથી વધુ જુલાઈ માસમાં ૧૨ જેટલી સગીરાઓને લગ્નની લાલચે ભગાડી જવામાં આવી હતી.

# ઉત્તર ગુજરાતની પાલિકાઓને કરોડોની ગ્રાન્ટ મળવા છતાં ગંદકી યથાવત

મહેસાણા

ઉત્તર ગુજરાતની નગરપાલિકાઓ શહેરીજનો પાસેથી સફાઈ વેરો લઈ રહી છે. અને આ ઉપરાંત કેન્દ્ર સરકાર તરફથી તેઓને સ્વચ્છ ભારત મિશનની ગ્રાન્ટ મળે છે, આમ છતાં મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાની ૧૮ નગરપાલિકાના વિવિધ માર્ગો પર કચરાના ઢગ જોવા મળે છે. જ્યા કેન્દ્રની સ્વચ્છ ભારતની જાહેરાતો છે એવી જગ્યાએ પણ કચરાની હારમાળા હોવાનું સામે આવ્યું છે.

મહેસાણા જિલ્લાની ૭, પાટણ જિલ્લાની ૫, જ્યારે બનાસકાંઠા જિલ્લાની ૬ મળીને કુલ ૧૮ નગરપાલિકાઓ શહેરીજનો પાસેથી દર વર્ષે સફાઈ કરવાના નામે વેરો લઈ રહી છે.

આ સાથે શહેરી સફાઈને ધ્યાનમાં લઈ કેન્દ્ર સરકાર સ્વચ્છ ભારત મિશન (શહેરી) અંતર્ગત વ્યક્તિગત શૌચાલય, પે એન્ડ યુઝ તેમજ સુકા અને ભીના કચરાના નિકાલ સહિતની બાબતે કરોડોની ગ્રાન્ટ આપે છે. છતાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં નિષ્ફળ રહેલ છે.

# પાટણ ખાતે સેન્ટ્રલ સીમેન બેંકનું ખાતમુહૂર્ત અને પશુપાલન શિબિર યોજાઇ

પાટણ

પાટણ ખાતે પાણી પુરવઠા, પશુપાલન અને મત્સ્યોદ્યોગ વિભાગના મંત્રી બાબુભાઇ બોખીરીયાના અધ્યક્ષસ્થાને સેન્ટ્રલ સીમેન્સ બેંકનું ખાતમુહુર્ત તથા પશુપાલન શિબિર કમ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસદીય સચિવશ્રી રણછોડભાઇ દેસાઇ ઉપસ્થિત રહયા હતા. પાટણ ખાતે વર્ષ ૨૦૦૯-૧૦ માં ગુજરાત પશુધન વિકાસ બોર્ડ દ્વારા સ્ટેટ ફ્રોઝન સીમેન્સ પ્રોડકશન એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટીટ યુટનો બહુહેતુક પ્રોજેકટ શરુ કરવામાં આવ્યો છે. રૂ. ૨ કરોડના ખર્ચથી પાટણ ખાતે સેન્ટ્રલ સીમેન્સ બેંકનું મંત્રીશ્રી બોખીરીયાના હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત પશુપાલક બહેનો અને ભાઇઓને વ્યવસાયીક માર્ગદર્શન મળી શકે તે માટે એક પ્રદર્શન અને તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસદીય સચિવશ્રી રણછોડભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, સેંન્ટ્રલ સીમેન્સ બેંક પશુપાલન ક્ષેત્રે અનોખી સિધ્ધિ છે. ગુજરાત રાજયમાં ૬૫ લાખથી વધુ દુધાળા પશુઓ છે. વધુ દૂધ ઉત્પાદન મેળવવા માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. પરંપરાગત ચાલતી પશુપાલન ક્ષેત્રે અનેક પરિવર્તન લાવવામાં આવ્યા છે. સારી જાતના ઉચ્ચ ઓલાદના ઉત્તમ ગુણવત્તા ધરાવતા સાંઢ અને પાડાના થીજવેલ વીર્યનું કૃત્રિમ બીજદાનનો ઉપયોગ કરી સારી ઓલાદો દૂધ માટે તૈયાર કરવામાં આવે છે.

જેનાથી પશુપાલક સુખી અને સમૃધ્ધ બન્યો છે તેમજ તેમની આવક પણ વધી રહી છે. આ શિબિર થકી વેટરનરી ડૉકટરોએ આ પ્રસંગે ઉપસ્થિત પશુપાલક ભાઇ- બહેનોને દૂધ ઉત્પાદન વધારવવાના ઉપાયો તેમજ પશુઓની માવજત અંગેની સમજ આપી હતી.

# વાગડોદ ગામની મહિલાઓએ ગામમાંથી ગંદકી રૂપી રાવણ દૂર કરવા સ્વચ્છતા ઝુંબેશ ઉપાડી



પાટણ

દેશભરમાં લોકો દશેરાનું પર્વ મનાવી રહ્યા છે. ઠેરઠેર લોકો રાવણ દહન કરી પર્વ મનાવી રહ્યા છે. ત્યારે પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના વાગડોદ ગામની મહિલાઓએ ગામમાંથી ગંદકી રૂપી રાવણ દૂર કરવા સ્વચ્છતા ઝુંબેશ ઉપાડી છે. ગામમાં દૂરદર્શન, રીલાયન્સ ફાઉન્ડેશન અને રાજ્ય સરકારના આત્મા પ્રોજેક્ટના કર્મચારીઓએ ગામની મહિલાઓને ગંદકીરૂપી રાવણ દૂર કરવાનો સંદેશ આપવા એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ગામના પાદરે આવેલા ક્ષેત્રપાલદાદાના મંદિરમાં દરેક મહોલ્લાની મહિલા પ્રતિનિધિઓને બોલાવવામાં આવી હતી અને ગંદકીથી થતા નુકશાન વિશે સમજાવ્યું હતું.

આજે અહીં દૂરદર્શન પ્રતિનિધિ ચૌધરીએ મહિલાઓને સંદેશ આપ્યો હતો કે જો ગંદકીરૂપી રાવણને દૂર કરવા માટે પહેલા ઘર, શેરી અને પછી ગામની જાહેર જગ્યાઓ અને ખાસ કરીને પાણી નિકાલની જગ્યાઓ સ્વચ્છ રાખવી પડશે. જો સ્વચ્છતા રાખશું, તો બીમારી અટકશે, બીમારી અટકશે તો દવા માટે ખર્ચાતા પૈસાની બચત થશે. બીમાર નહિ પડીયે તો સમય બચશે અને જે સમય બચશે તેમાં પણ કામ કરીશું તો આર્થિક પ્રગતિ થશે અને જેની સાથે સામાજિક મોભો વધશે, પવિત્રતા આવશે આમ એક માત્ર ગંદકીરૂપી રાવણને દુર કરવાથી ૧૦ જેટલા ફાયદા તેમણે સમજાવ્યા હતા. આ પ્રસંગે આત્માના પ્રોજેક્ટ મેનેજર મહેશભાઈએ ખેતરમાં કુડો- કચરો ફેંકી ના દેતા, તેમાંથી કેવી રીતે સેન્દ્રિય ખાતર બનાવાય તે રીત મહિલાઓને સમજાવી હતી. આ સેન્દ્રિય ખાતર જમીનની ફળદ્રુપતા વધારે છે અને તે પણ આપણા ઘર અને ખેતરના નકામા ગણાતા કચરામાંથી.

આ પ્રસંગે મુકેશભાઈ દેસાઈએ પણ રિલાયન્સ ફાઉન્ડેશનની મહિલા લક્ષી યોજનાઓની માહિતી આપી આ ફાઉન્ડેશન પણ સરકારના સ્વચ્છતા અભિયાન અંતર્ગત શું કામ કરે છે તેની સમજ મહિલાઓને આપી હતી. સામાજિક રીતે મહિલાઓને સધ્ધર લાવવાનો સંદેશ આપ્યો હતો. તેમણે ખેતી અને પશુપાલન ક્ષેત્રે કામ કરતી મહિલાઓને સ્વાસ્થ્યને લગતી કાળજી લેવા વિશે અને સ્વચ્છતા રાખવા વિશે માર્ગદર્શન આપ્યું હતું. પૂજ્ય મહાત્મા ગાંધીથી લઈ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ પણ સ્વચ્છતાના આગ્રહી હોવાની વાત તેમણે રજુ કરી હતી.

# ઈડરથી હિંમત નગરના સ્ટેટ હાઈવે રોડની કામગીરી સત્વરે પૂર્ણ કરવા લોકમાંગ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના ઈડરથી હિંમતનગર હાઈ - વે રોડ ઉપર ખાડા પડી ગયા તેમજ રોડ પરની કપચી ઉખડી જતા વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. આ બાબતે તંત્રને રજૂઆત કરવા છતાં સમસ્યા યથાવત રહેતા લોકોમાં આક્રોશ વ્યક્ત થઈ રહ્યો છે.જાણવા મળતી વિગતો અનુસાર ઈડરથી હિંમતનગર સ્ટેટ હાઈવે રોડ પહોળો બની રહ્યો છે તેનું ચોમાસા અગાઉ ડામર કામ કરવામાં આવેલ, પરંતુ હાલમાં રોડ પર ઠેરઠેર ખાડા પડી ગયા છે અને કપચી ઉખડી જતાં વાહન ચાલકોને વાહન ચલાવવું મુશ્કેલ થઈ પડયું છે.

રોડ બનાવવાની કામગીરી જો ઝડપથી પુરી કરવામાં નહીં આવે તો આગામી દિવાળીના દિવસોમાં શહેરીજનો અને વાહનચાલકો બંને મુશ્કેલીમાં મુકાશે આ બાબતે જિલ્લાના ઉચ્ચ સત્તાધિશો રોડ કામ પર દેખરેખ રાખી ઝડપથી રોડ કામગીરી પૂર્વ કરવામાં રસ દાખવે તેવી લોકમાંગ ઉઠી છે.



માનનીય શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત સરકાર

सत्यमेव जयते

# વેપારીઓ અને ઉદ્યોગકારોને જી.એસ.ટી.માં વિશેષ રાહતો



માનનીય શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## ગુજરાતની સંવેદનશીલ સરકારના સક્રિય પ્રયત્નોથી સામાન્ય જનતા અને કરદાતાઓને ફાયદો

## તા. ૦૬.૧૦.૨૦૧૭ ની GST કાઉન્સીલની બેઠકમાં લેવાયેલ નિર્ણયો

### સામાન્ય જનતા માટે વેરાના દરમાં ઘટાડો

**ચીજ વસ્તુઓના દરમાં રાહત**

- **૨૮%, ૧૮%, ૧૨% માંથી ૫%** :- પ્લાસ્ટીક/કાગળ/કાચ/રબ્બરનો ભંગાર, ઇલેક્ટ્રોનિક વેસ્ટ (ઈ વેસ્ટ)
- **૧૮% માંથી ૫%** :-
  - ➢ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સંચાલિત યોજના અન્વયે સમાજના નબળા વર્ગો માટે પૂરી પાડવામાં આવતી ખાદ્ય સામગ્રી, બાયોમાસ બ્રિકેટ
  - ➢ ઇમીટેશન જવેલરી, માટીમાંથી બનતી ઇંટો, ખાદ્ય ચીજ વસ્તુઓનું જોબવર્ક.
- **૧૨% માંથી ૫%** :-
  - ➢ ખાખરા, અનબ્રાન્ડેડ ફરસાણ, અનબ્રાન્ડેડ આયુર્વેદિક/હોમીયોપેથિક સિદ્ધ અને યુનાની દવાઓ, આમચૂર.
  - ➢ કટપીસ અને રેડી-ટુ-સ્ટીચ ડ્રેસ મટીરીયલને કાપડ તરીકે ગણવા ઠરાવેલ છે.
- **૧૮% માંથી ૧૨%** :- કાપડ ઉદ્યોગમાં વપરાતા મેનમેઇડ યાર્ન અને સીવવાનાં દોરા.
- **૨૮% માંથી ૧૮%** :- ૧૫ HP સુધીના ડિઝલ એન્જીન/સબમર્સિબલ પંપનાં પાર્ટસ, પ્લેઇન શાફ્ટ બેરીંગ, ગ્રેનાઇટ અને માર્બલ સિવાયની પથ્થરની તમામ ચીજવસ્તુઓ, પોસ્ટર કલર, બાળકો માટેનાં મોડેલીંગ પેસ્ટ, સ્ટેપલર પીન.

**સેવાઓના દરમાં રાહત**

- લીઝીંગથી વાહન ખરીદતા ગ્રાહકને હપ્તાની પૂરી રકમને બદલે ફક્ત ૬૫% રકમ પર જ વેરો ચૂકવવાનો રહેશે.
- પ્રિન્ટીંગ જોબવર્ક પર વેરાનો દર, બનતી ચીજવસ્તુના દરને ધ્યાને લઈ લાગુ પડશે.
- GTA દ્વારા બિનનોંધાયેલ વ્યક્તિને અપાતી સેવાને વેરામુક્તિ અને તેથી નોંધણી નંબર મેળવવામાંથી પણ મુક્તિ આપી.

### નિકાસકારો માટે

- નિકાસકારોને **બેંક ગેરંટી તથા બોન્ડ રજૂ કરવામાંથી મુક્તિ** આપીને લેટર ઓફ અંડરટેકીંગની સુવિધા મળતા વેરો ભર્યા સિવાય નિકાસ શક્ય બનશે.
- નિકાસના કેસોમાં કરદાતાને ઝડપથી રીફંડ મળે તે માટે હાલ પુરતી ઓન-લાઈનના બદલે, **મેન્યુઅલ રીફંડની જોગવાઈ** અમલમાં.
- ઈ-વોલેટની સુવિધા: નિકાસકારની પાછલા વર્ષની નિકાસને ધ્યાને લઈને ઈ-વોલેટ બનશે અને તેમાં "નોશનલ ક્રેડીટ" આપવામાં આવશે. નિકાસકાર આ ક્રેડિટનો ઉપયોગ પોતાના ભરવાપાત્રવેરાની સામે કરી શકશે.
- **એક્ઝીમ સ્કીપનાં વેચાણોને વેરામાફી**

### નાના કરદાતાઓ માટે

- વાર્ષિક રૂા. ૧.૫ કરોડ સુધીના ટર્નઓવરવાળા કરદાતાઓને સુગમતા અર્થે **માસિક પત્રકો ભરવામાંથી મુક્તિ** આપી.
- હવેથી **ત્રિમાસીક પત્રકો અને ત્રિમાસીક વેરો ભરવાની સુવીધા** મળવાથી ખર્ચમાં ઘટાડો થશે અને નાણાંની તરલતા વધશે.
- બિન-નોંધાયેલ વ્યક્તિ પાસેથી મેળવવામાં આવતા માલ/સેવા ઉપર **રીવર્સ ચાર્જ મીકેનીઝમ** (RCM) **ની જોગવાઈનો અમલ તા. ૩૧.૦૩.૨૦૧૮ સુધી સ્થગિત કરવામાં આવ્યો.**
- વાર્ષિક રૂા. ૧.૫ કરોડ સુધીના ટર્નઓવરવાળા કરદાતાઓને માલ પુરો પાડવા માટે મેળવેલ **એડવાન્સની રકમ ઉપર વેરો ભરવામાંથી મુક્તિ.**

### ઉચ્ચકવેરો ભરતા કરદાતાઓ માટે સવલત

- ઉચ્ચકવેરાની યોજનાનો લાભ બહોળા સમુદાયને મળે તે હેતુથી ટર્નઓવરની મર્યાદા **રૂા. ૭૫ લાખથી વધારીને રૂા. ૧ કરોડ**
- ઉચ્ચકવેરો ભરતા કરદાતા પર વેરાનું ભારણ ઓછુ રહે તે માટે કુલ ટર્નઓવરમાંથી **માફી માલ બાદ કરીને જ વેરો ભરવાની સુવિધા.**

### સેવાઓ પુરી પાડતા કરદાતાઓ માટે રાહત

- **આંતર-રાજ્ય સેવાઓ પુરી પાડતા કરદાતાઓને ફરજીયાત નોંધણીનંબર લેવામાંથી મક્તિ આપીને રૂા. ૨૦ લાખના ટર્નઓવરનો લાભ આપવાનું નક્કી થયેલ છે.**
- એડવોકેટ, સીનીયર એડવોકેટ અને વકીલોની પેઢી દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પૂરી પાડવામાં આવતી **કાનૂની સેવાઓને રીવર્સ ચાર્જ મીકેનીઝમ (RCM) હેઠળ આવરી લેવાઈ.**
- પેસેન્જર ટ્રાન્સપોર્ટ સર્વિસ કે રેન્ટીંગના વ્યવહારો પરનો દર, માત્ર મોટર કેબને બદલે, તમામ વાહનોને સમાન રીતે લાગુ પડશે.
- વેરાનું બેવડું ભારણ નિવારવા, ભાડેથી વાહન આપતા ઓપરેટરને, ભાડેથી મેળવેલ વાહન પર વેરાશાખનો લાભ મળશે.

### સિસ્ટમને લગતા સુધારા

- માઈગ્રેશન કરેલ કરદાતાઓને સ્વૈચ્છિક રીતે નોંધણી નંબર રદ કરાવવાની સગવડ.
- નોંધણી રેકર્ડના Core fields અને non-core fields માં સુધારા વધારાની સવલત.
- ઉચ્ચકવેરો ભરતા કરદાતાને ઉચ્ચકવેરાનો વિકલ્પ રદ કરવાની સગવડ.
- ૩૦ જુન, ૨૦૧૭ ના રોજ સ્ટોકમાં રહેલ માલ ઉપરની ક્રેડીટ મેળવવા માટે ફોર્મ TRAN-1 ભરવાની સમયમર્યાદા તા. ૩૧.૧૦.૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ છે.
- જુલાઈ-૨૦૧૭ કે ત્યારબાદ નોંધાયેલ કરદાતા માટે સ્ટોક ઉપર ક્રેડીટ લેવા માટેનું પત્રક GSTR ITC-1 ની સમયમર્યાદા તા.૩૧.૧૦.૧૭ સુધી લંબાવવામાં આવેલ છે.

**"વિશાળ જનહિતમાં વેપાર ઉદ્યોગને પ્રગતિશીલ વાતાવરણ પૂરૂ પાડવા સદા પ્રતિબદ્ધ સરકાર"**

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી

NATION TAX MARKET